## આમુખ

આ પુસ્તિકા, ખેડૂતોની સિંચાઇ સહકારી મંડળી બનાવવાના અને એનું સંચાલન કરવાના પ્રયાસોની વર્ણન શ્રેણી માંની એક છે. આ શ્રેણીનું મુખ્ય ધ્યેય રાજ્યમાંના અન્ય ખેડૂતમિત્રોને આ પ્રયાસોની સ્પષ્ટ, વાચનક્ષમ અને રસપ્રદ માહિતી પૂરી પાડવાનું છે જેથી વાંચનારા ખેડૂતો પોતાને મળતી સિંચાઇ સવલતોમાં સુધારો કરી શકે. આ અભ્યાસ ગુજરાતી અને અંગ્રેજી બેઉ ભાષામાં પ્રકાશિત થાય છે. પાછળના પૂંઠે આ શ્રેણીનો અન્ય પુસ્તિકાઓની માહિતી આપી છે.

આ અભ્યાસ, આઇ.આઇ.એમ.આઇ અને આઇ.આઇ.એમ.એ. ના જૂથ-સભ્યોના માર્ગદર્શન નીચે સુરેશ એ. મિસ્ત્રીએ તૈયાર કર્યો છે. અહીં જે લખ્યું છે એ વિસ્તારના ખેડૂતો સાથે નવેમ્બર ૧૯૯૪ થીએપ્રિલ ૧૯૯૫ સુધી રહીને એમણે તૈયાર કર્યુ છે. એણે મુલાકાતો લીધી છે અને સહકારી મંડળી, સિંચાઈ વ્યવસ્થા, એની તબદિલીની પ્રક્રિયા ઈત્યાદિનું સ્થળ પર હાજર રહીને નિરીક્ષણ કર્યુ છે. અહીં એકત્રિત માહિતી ખેડૂતોના મંતવ્યો અને વિચારોની જ  રજૂઆત છે.

સુરેશ એ. મિસ્ત્રી નો આ અભ્યાસ, ૧૯૯૩ થી ૧૯૯૫ દરમ્યાન આઇ.આઇ.એમ., અમદાવાદ એ આઇ.આઇ.એમ.આઇ., કોલંબો દ્વારા થયેલા અભ્યાસ 'ભારતમાં સિંચાઇ વ્યવસ્થાની તબદિલીની સ્થિતિ' કાર્યક્રમના ભાગ રૂપે હતો. એ માટેની નાણાંકીય સહાય ફોર્ડ ફાઉન્ડેશને પૂરી પાડી હતી. આ અભ્યાસમાં, સિંચાઇ વ્યવસ્થાની તબદિલી સરકાર પાસેથી ખેડૂતોના હાથમાં સોંપાઇ તે સંદર્ભે; સંબંધિત એજન્સી સ્વૈચ્છિક સંસ્થાઓ અને અન્યોની નીતિ અને પ્રવૃત્તિને લગતી તપાસ અને દસ્તાવેજીકરણ થયું હતું ભારતમાં સિંચાઇ વ્યવસ્થાની તબદિલીના સંદર્ભમાં અસરકારક નીતિનિર્ધારણ અને કાર્યક્રમો ઘડાય એમાં યથાશક્ય ફાળો આપવો એ આ અભ્યાસનું સમગ્રપણે લક્ષ્ય હતું. આ સંક્ષપ્તિ વર્ણન-શ્રેણિ ઉપરાંત સંશોધન અહેવાલો અને અન્ય સ્વરૂપોમાં વિશેષ અભ્યાસકીય પરિણામો પણ તૈયાર કરાયાં છે.

H 19457 C2

આઇ.આઇ.એમ.એ., આઇ.આઇ.એમ.આઇ.ના અભ્યાસ દળમાંના પ્રારંભિક સભ્યોમાં, શશી કોલાવેલ્લી, અમરલાલ કાર્લો, ગોપાલ નાયક અને એસ. રામનારાયણ (આઇ.આઇ.એમ.એ.) તેમ જ જેફરી ડી. બ્રેવર, આર. શક્તિવાડીવેલ અને કે.વી. રાજુ (આઇ.આઇ.એમ.આઇ.) હતા. ગુજરાતી અભ્યાસોનું સંપાદન સંકલન બારીન મહેતાએ કર્યું હતું. આ પ્રથમ સંપાદિત લખાણોનું અંગ્રેજીમાં ભાષાંતર થયું હતું અને અભ્યાસદળે એનું પરીક્ષણ કર્યું હતું, ખાસ કરીને કે.વી. રાજુ અને શશી કોલાવેલ્લીએ.

અભ્યાસદળના સભ્યો -સુરેશ એ. મિસ્ત્રી, ગામના લોકો, સંબંધિત સરકારી-ગેર સરકારી એજન્સીઓ કે જેમણે આતિથ્ય પૂર્ણ સહકારથી પ્રશ્નોના જવાબો આપ્યા, કામ કેમ થયું એની વિગતો આપી, એ સૌનો આભાર માને છે અમને પૂરી ખાતરી છે કે એમના અનુભવો બીજાને ઉપયોગી નીવડશે.

જેફરી ડી. બ્રેવર — ગોપાલ નાયક

આઇ.આઇ.એમ.આઇ. — આઇ.આઇ.એમ.એ.

# અન્ય સ્થાનિક ભાષામાં પ્રગટ અભ્યાસો

સ્થાનિક ભાષામાં 'ઈરીગેશન મેનેજમેન્ટ ટર્નઓવર પ્રોજેક્ટ' અંતર્ગત પ્રકાશિત અભ્યાસોની યાદી

ગુજરાતમાં થયેલા અને ગુજરાતીમાં પ્રકાશિત અભ્યાસો

૧ આંકલાવ પેટા ગૌણ નહેર પાણી સહકારી મંડળી : મહી કડાણા યોજના : ખેડૂતોના અનુભવો.

૨. જમણા કાંઠા કેનાલ પાણી સહકારી મંડળી : પીગુર મધ્યમ સિંચાઇ યોજના : ખેડૂતોના અનુભવો.

૩. ડાબા કાંઠા કેનાલ પાણી સહકારી મંડળી : બલદેવા મધ્યમ સિંચાઇ યોજના : ખેડૂતોના અનુભવો

૪ ભેસ્તાણ (મોહિની) ગૌણ નહેર પાણી સહકારી મંડળીઃ ઉકાઇ કાકરાપાડ યોજના ખેડૂતોના અનુભવો

૫. ભીમા પાણી સહકારી મંડળી : ઉદ્વહન સિંચાઇ યોજના : ખેડૂતોના અનુભવો

મહારાષ્ટ્રમાં થયેલા અને મરાઠીમાં પ્રકાશિત અભ્યાસો

૧. ફુલેવાડી ઉદ્વહન સિંચાઇ યોજના સહકારી મંડળીઃ ખેડૂતોના અનુભવો

૨ કડોલી ઉદ્વહન સિંચાઇ યોજના સહકારી મંડળી :ખેડૂતોના અનુભવો

૩. મૂળા યોજના પેટા નહેર-૭ સહકારી મંડળી ; ખેડૂતોના અનુભવો

૪. પારુન્દે નાની સિંચાઇ યોજના સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૫. હાદશી નાની સિંચાઇ યોજના સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો.

૬. પેટા નહેર ૧૭,૧૮,૧૮-એ,૧૯ અને ડિસ્ટ્રીબ્યુટરી-૧ સહકારી મંડળીનું વાઘડ યોજના : ખેડૂતોના અનુભવો

૭. ભીમા યોજના પેટા નહેર ૧૦ સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો.

તામીલનાડુમાં થયેલા અને તમિલભાષામાં પ્રકાશિત અભ્યાસો

૧. પેરિયાર વૈગાઇ યોજના ૧૧મી શાખા સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૨. કેદાર ટેન્ક સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૩. દુસી મમાન્દુર ટેન્ક સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૪. ભવાની હેઠવાસ યોજના, મેટ્ટુપેલુયમ શાખાની ગૌણ નહેર ૨૮ એલ અને ૨૯ આર સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૫. પરામ્બિકુલમ અલિયાર યોજના, મલયાલિપલયામ શાખા સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૬. કાવેરી-વલાપ્પર યોજના: મલયાન્ચેરી વિભાગ શાખા એ-૯ સહકારી મંડળી: ખેડૂતોના અનુભવો

૭. પંચન્યાંગીપટ્ટી ટેન્ક સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૮. પિલ્લયાર્કુલમ ટેન્ક સહકારી મંડળી : ખેડૂતોના અનુભવો

૯. વાગઇકુલમ ટેન્ક, તામ્રપરની યોજના; ઉત્તર કોડાઇમેલાલગિયાન વિભાગ : ખેડૂતોના અનુભવો.

પુસ્તિકા મેળવવા નીચેના સરનામે સંપર્ક કરો.

**ગુજરાતી અભ્યાસો :**

ચીફ એજ્યુકેટિવ, આગાખાન રુરલ સપોર્ટ પ્રોગ્રામ, ચોઇસ પ્રિમાઇસ, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯.

ફોન : ૦૭૯-૬૪૨૭૭૨૯, ૪૬૪૭૩૦, ૪૬૪૧૫૭. ફેક્સ: ૦૪૫૨-૬૦૨૨૪૭.

**મરાઠી અભ્યાસો :**

ડિરેક્ટર, સોસાયટી ફોર પ્રમોટિન્ગ પાર્ટીસિપેટિવ ઈકોસિસ્ટમ મેનેજમેન્ટ, ૧૩૩ /૧૩૪, બેનર રોડ, ફલેટ નં ૨, વસુમતી એપાર્ટમેન્ટસ, ઔન્ધ પુના - ૪૧૧૦૦૭, ફોન ૦૨૧૨ - ૩૩૦૭૮૬.

**તમિલ અભ્યાસો :**

એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, પ્રદાન, ૧૮, પિલ્લાયર કોવિલ સ્ટ્રીટ, એસ.એ. કોલોની. મદુરાઇ -૬૨૪ ૦૧૬,

ફોન - ફેક્સ : ૦૪૫૨-૬૦૨૨૪૭.

## અનુક્રમણિકા


| | | પાના નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક | ૧ |
| ૨. | પરિસ્થિતિ | ૧ |
| | સિંચાઈ માટેની તકલીફ | ૧ |
| | ખેતીવાડી માળખું | ૨ |
| | લોક જીવન અને આર્થિક સામાજિક પરિસ્થિતિ | ૩ |
| ૩. | મંડળીનો ઈતિહાસ | ૫ |
| | મંડળીના હેતુઓ | ૯ |
| | પાણીનું આયોજન | ૯ |
| | પાણી માટેની અરજી કરવાની રીત | ૧૦ |
| | પાણી વિતરણ વ્યવસ્થા | ૧૧ |
| | નહેરની જાળવણી અને મરામત | ૧૪ |
| ૪. | મંડળીના લાભો | ૧૫ |
| | મંડળીની અન્ય પ્રવૃત્તિઓ | ૧૭ |
| ૫. | હાલની પરિસ્થિતિ | ૧૮ |
| | મંડળીની નાણાંકીય પરિસ્થિતિ | ૨૪ |
| | ભવિષ્યનું આયોજન | ૨૫ |
| ૬. | સમાપન | ૨૬ |
| ૭. | પરિશિષ્ટ | ૨૬ |

## ૧. પ્રાસ્તાવિક

જગતનો 'તાત' ખેડૂત. ખેડૂતનો આધાર ખેતી. સારી ખેતી માટે સારી જમીન, સારું બિયારણ, જરૂરી ખાતર અને સૌથી અગત્યનું તો પાણી જોઈએ. બાકીનું બધું હોય પણ પાણી ન હોય તો ખેડૂતે લમણે હાથ દઈ બેસવાનો વારો આવે. સૂકા, અર્ધસૂકા વિસ્તારોના ખેડૂતોને તો આવો અનુભવ થયા જ કરતો હોય છે. પરંતુ, જ્યાં વરસાદ સારો પડતો હોય ત્યાંય ખેડૂતને મુશ્કેલી પડે છે. વધારે વરસાદથી ઊભો પાક નકામો થઈ જાય, બળી જાય... લીલો દુકાળ પડે.

આપણાં ગુજરાતના મોટા ભાગના વિસ્તારોની ખેતીનો આધાર વરસાદ છે. વરસાદ આધારિત ખેતીની મુખ્ય બે તકલીફો. એક તો ઓછો વરસાદ પડે તો મોલ ઊણો ઉતરે. બીજી, વધુ વરસાદ પડે તો લીલો દુકાળ પડે. ગુજરાતમાં એવા વિસ્તારો છે કે જ્યાં ઘણો સારો વરસાદ પડે છે છતાં પાંચ - સાત વરસે ઘણો ઓછો વરસાદ પડતાં દુકાળ જેવી સ્થિતિ સરજાય છે, તો બે - ત્રણ વરસે ઝાઝો વરસાદ પડવાથી લીલા દુકાળની સ્થિતિ પેદા થાય છે.

આવો વિસ્તાર ઢાળ - ઢોળાવવાળો હોય અને આદિવાસી વિસ્તારમાં એની ગણના થતી હોય તો સમસ્યા વધારે ગૂંચવાળી બને છે. વરસાદ આધારે ખેતી કરતા આ આદિવાસીઓ સૂકા દુકાળ કે લીલા દુકાળ પછી ગાંસડા - પોટલા બાંધી નજીકના શહેર ભણી રોજી - રોટી માટે હિજરત કરી જાય છે. એમાંય જ્યારે આવા વિસ્તારમાં સિંચાઈ યોજના અમલમાં હોય છતાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી ન મળતું હોય તો કરવું શું ? એનો કોઈ ઉપાય ખરો ?

આ પ્રશ્નોનો જવાબ મેળવવા માટે ભરૂચ જિલ્લામાં આવેલા આવા ત્રણ - ચાર ગામની ઉદાહરણ રુપ એવી કથની અહીં રજૂ કરી છે. પહેલાં એની સમગ્ર પરિસ્થિતિની જાણકારી અહીં મૂકી છે.

## ૨. પરિસ્થિતિ

### સિંચાઈ માટેની તકલીફ

ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના પુંનપુજા, હાથાકુંડી, ઝરનાવાડી, કામલીયા તથા અન્ય નજીકના ગામોમાં પાણીની તકલીફ હતી. ભરૂચ જિલ્લો આમ તો વધુ વરસાદ વાળો વિસ્તાર છે. છતાં આ વિસ્તાર વધારે ઢાળ - ઢોળાવવાળો અને પથરાળ હોવાથી વધુ વરસાદ પડતો હોવા છતાં વરસાદનું પાણી જમીનમાં ઊતરતું નથી અને વહી જાય છે. કૂવાનાં તળમાં પણ ઉનાળામાં તો

નજીવું જ પાણી રહે છે, જે થોડાક જ વિસ્તાર માટે કદાચ સિંચાઈ માટે પૂરતું થઈ શકે. પરંતુ અહીંનો વિસ્તાર પૂરેપૂરો આદિવાસી છે, તેમની પાસે કૂવા બનાવવા જેટલા પૈસા ન હોય. તેઓ તો પોતાની પરંપરા મુજબ સિંચાઈનો વિચાર કર્યા વિના ચોમાસુ ખેતી પર નભતા. વધુ વરસાદને કારણે કોઈ વખત પાક નાશ પામતો અને આ આદિવાસી લોકોને ખાવાના સાંસા પડતા. પૈસાદાર ખેડૂત પાસેથી બીજી ઋતુમાં પાણી મળશે એ આશા ખોટી હતી.

સરકારે આ સમસ્યા હલ કરવા માટે ભરૂચ જિલ્લામાં ઘણા નાના નાના માટીના બંધ બનાવ્યા છે. આવો જ એક બંધ, પિંગુટ સિંચાઈ યોજના હેઠળ ટોકરી નદી પર ૧૯૮૨ માં બંધાયો હતો. નહેર અને માળખું '૮૫ સુધીમાં તૈયાર હતાં. છતાં ખેડૂતોને પાણી મળતું ન હતું. કેટલાક રાજકારણીઓ અને મોટા ખેડૂતોના કહેવાથી પાણી બંધમાંથી નદીમાં છોડવામાં આવતું. આમ, પાણીનો ઉપયોગ મોટા ખેડૂતો અને નદી નજીકના ખેડૂતો ખેંચીને કરતા. પણ, આતો પૂરેપૂરો આદિવાસી વિસ્તાર, જેમની પાસે પૈસાની સગવડ ન હોવાથી પાણી મળતું નહીં. તેથી આ લોકો પોતાનાં પોટકા અને કુટુંબ સાથે શહેરમાં પેટિયું રળવા માટે પોતાનું વતન છોડીને બહાર શહેરમાં શિયાળો અને ઉનાળો સખત મહેનત કરતાં. તેઓ ચોમાસુ શરૂ થાય ત્યારે પાછા આવતા અને હળ લઈ નીકળી પડતા.

હકીકતે બંધ તૈયાર હતો, નહેર પણ કાચી તૈયાર હતી. છતાં લોકોને પાણી મળતું ન હતું. લોકો અભણ અને ગરીબ હોવાથી પાણીની ફરિયાદ કરવાની કોઈ હિંમત કરતું નહીં. સરકારી ઓફિસરોથી તેઓ હંમેશાં દૂર રહેતા હતા. આમ, સિંચાઈની સગવડનો લાભ તેઓને મળે નહીં એવી સ્થિતિ હતી.

### ખેતીવાડી માળખું

ભરૂચ જિલ્લાની બધી જ જમીન કાળી નથી. અહીં ગોરાડુ અને લાલ રંગની પણ જમીન જોવા મળે છે. બંધ અને આજુબાજુના વિસ્તારની જમીન ઢાળ-ઢોળાવવાળી છે. જમીનના ઉપલા પડ હેઠળ એક - બે ફૂટ નીચે પથ્થરો છે. તેથી પાણી જમીનમાં ઊતરતું નથી. ઢાળ - ઢોળાવવાળી જમીન બંધના આગળના વિસ્તારમાં હોવાથી ત્યાં પિયત આપે તો પાણી જલદી વહી જાય છે. તેથી તે જમીન ને ૧૦ - ૧૨ દિવસે બીજી વખત પાણી જોઈએ. જ્યારે વચ્ચેના ભાગની જમીન કાળી છે. તેની પાણી સંગ્રહ શક્તિ સારી છે. અહીંની જમીનમાં બે - ત્રણ ફૂટની ઊંડાઈ પછી પથ્થર ચાલુ થઈ જાય છે. છેવાડાના ભાગની જમીન સપાટ છે.

પિયતની કોઈ સગવડ ન હોવાથી લોકો માત્ર ચોમાસુ ખેતી કરતા. તેઓનો ખેતીમાં રસ,માત્ર દાણા પકવવા પૂરતો જ સીમિત હતો. રોકડિયા પાક

તેઓ ભાગ્યે જ વાવતા. તેઓ ચોમાસામાં કપાસ, સોયાબીન, મગ, ડાંગર, મગફળી, તુવેર, જુવાર વગેરે પાક લેતા હતા. ખેડૂતોને મુખ્ય બે ભાગમાં વહેંચી શકાય : મોટા ખેડૂતો અને નાના ખેડૂતો. મોટા ખેડૂતો જે મુખ્યત્વે સવર્ણો છે તથા તેઓ પાસે પોતાનો કૂવો છે અથવા ખાડીમાંથી પાણી ખેંચીને ઉનાળામાં થોડાક અંશે ખેતી કરી શકે એવી સગવડ હોવાથી મુખ્યત્વે કપાસ અને મગફળી તથા મગ વાવતા. જ્યારે આદિવાસી લોકો મગફળી અને મગ વાવતા. આદિવાસી લોકોને ઉનાળામાં ખેતી એ સ્વપ્ન જેવું લાગતું.

જમીન પથરાળ હોવાને કારણે ઉનાળામાં વાતાવરણ સૂકું થઈ જતું. ઉનાળામાં ઢોર માટેનો ઘાસચારો પણ મળતો ન હતો. તેથી લોકો પશુપાલન પણ ઓછું કરતા. શિયાળા અને ચોમાસામાં ઘાસચારો જોઈએ તેટલો મળી રહેતો, પણ મુખ્ય મુશ્કેલી હતી ઉનાળામાં !

પાક તૈયાર થાય ત્યારે વેચાણ માટેની સગવડ નહીંવત હતી. બાજુના મોટા ગામ નેત્રંગમાં કપાસ વેચાણ માટે જીનીંગ-પ્રેસીંગ ફેકટરી હતી. ત્યાં લોકો પોતાનો કપાસ વેચતા. લોકોને રોકડિયા પાક તરફનું લક્ષ્ય ઓછું હોવાથી વેચાણ માટેનો સવાલ ઊભો થતો ન હતો. મગફળીનું વેચાણ ગામમાં આવતા સ્થાનિક વેપારી દ્વારા થતું. તેથી તેમને પૂરતો વાજબી ભાવ મળતો ન હતો.

**લોકજીવન અને આર્થિક સામાજિક પરિસ્થિતિ**

પિંગુટ બંધના જમણા કાંઠા નહેર પર આવેલા ચાર ગામ : પુંનપુંજા, હાથાકુંડી, ઝરનાવાડી અને કામલીયા, એમાંનું પુંનપુંજા ગામ બિલકુલ બંધની સોડમાં છે. કહેવાય છે કે પુંનપુંજા ગામ પાસે આવેલા ચિત્રા ડુંગર પર આદિવાસી લોકો પોતાના દેવ હિમાલિયાની 'પુન્ય' માટે 'પૂજા' કરવા આવતા. ત્યારથી આ ગામનું નામ 'પુન્યપૂજા' માંથી પુંનપુંજા પડયું છે. પુંનપુંજા સિવાયના ત્રણેય ગામને એક એક અલગ અલગ ફળિયું છે. તે ફળિયાના કોઈ અલગ નામ આપવામાં આવ્યાં નથી. હાથાકુંડી અને કામલિયા એ ટોકરી નદી પરનાં ગામ છે. ગામના બન્ને ફળિયા વચ્ચેથી પસાર થતી નદીને જોઈને ખૂબ આનંદ થાય. આ નદી ખૂબ સાંકડી છે. છતાં તેમાં શિયાળામાં પાણી વહેતું રહે છે. રોડ ઉપર આવેલા ગામ ઝરનાવાડી અને કામલિયામાં સવર્ણોની વસ્તી જોવા મળે છે. જ્યારે અંદરના ગામમાં સવર્ણોની વસ્તી નથી. ગામમાં મુખ્યત્વે ચૌધરી, વસાવા, ગામિત, પટેલ, સુથાર, કોટવાલીયા, દરજી વગેરે લોકો રહે છે. અહીંના લોકો બીજો કોઈ મોટો તહેવાર ઉજવતા નથી. માત્ર હોળી એ એમનો મોટામાં મોટો તહેવાર છે. મજૂર વર્ગ આ સમયે મોટા ખેડૂતોને ત્યાં કે બીજે શહેરમાં મજૂરી કરીને પૈસા એકઠા કરે

છે અને તેઓ બધા જ પૈસા હોળી દરમિયાન ખર્ચી નાંખે છે. હોળી સમયે પૈસા ખર્ચવામાં તેઓ પાછું વળીને જોતા નથી.

અહીંના લોકોમાં મુખ્યત્વે ત્રણ પ્રકાર જોવા મળે છે. (૧) મોટા ખેડૂતો (૨) નાના ખેડૂતો (૩) જમીન વિહોણા ખેતમજૂરો. સવર્ણોની વસ્તી એ મોટા ખેડૂતોની છે, તથા બે - ત્રણ આદિવાસી પણ મોટા ખેડૂતો છે. ગામોમાં નાના ખેડૂતો અને જમીન વિહોણા મજૂર વર્ગની વસ્તી વધારે છે. મોટા ખેડૂતોની આવક નાના આદિવાસી ખેડૂતો કરતા ઘણી વધારે હોય છે. જમીન વધુ હોવાથી પાક વધુ થાય છે તથા તેઓ પોતાના કૂવાનું પાણી વેચીને તથા પશુપાલનમાંથી આવક મેળવે છે. નાના ખેડૂતો પણ પશુપાલન કરે છે. તેઓ ગાય, ભેંસ, બકરાં, મરઘાં વગેરે પાળે છે. પણ, જમીન ઓછી હોવાથી તેમની આવક મર્યાદિત હોય છે. જમીન વિહોણા લોકો ખેતી કામ સાથે સંકળાયેલા છે. તેઓ મોટા ખેડૂતોને ત્યાં કામ કરે છે. તેઓ માંડ પોતાનું ખાવાનું મેળવે છે. નાના ખેડૂતોને જો વધારે વરસાદ પડે તો પાક નિષ્ફળ જાય અને બીજી ચોમાસુ ઋતુમાં તેઓ પોતાની પત્નીના ઘરેણાં ગીરવે મૂકીને, બીજ ખરીદીને, પણ ખેતી કરતા. અમુક લોકો પોતાની જમીન મોટા ખેડૂતોને કે બીજા ખેડૂતોને ભાગીદારમાં વાવવા માટે આપી દેતા. એ વખતે જમીન ભાડે આપવાનો ભાવ રૂા. ૫૦૦ - ૮૦૦ દર એકરે હતો. ભાગીદારીની વાવણીમાં બન્ને ખેડૂતો ૫૦% - ૫૦% ખર્ચ ભોગવે તો તેમનો નફો ૫૦ - ૫૦% ભાગે વહેંચાતો, ગરીબ ખેડૂતો પાસે પૈસા ન હોય તો મોટા ખેડૂતો શરૂઆતમાં ખર્ચ કરતા. પછી ઉત્પાદન આવે તેમાંથી બધો ખર્ચ બાદ કરતા, ત્યારબાદ ૫૦ - ૫૦% ભાગે નફો વહેંચાતો. જો ખેડૂત ખર્ચ આપવા તૈયાર ન હોય તો નફો ૭૦ - ૩૦% પ્રમાણે વહેંચવામાં આવતો. મોટા ખેડૂતો ખેતરમાં જવા મોટર સાયકલ નો ઉપયોગ કરતા. જ્યારે આદિવાસી મજૂરોને પગમાં પહેરવા ચંપલ પણ હોતા નથી. ગામમાં ખેતી સિવાયના કામમાં રોકાયેલા બહુ ઓછા માણસો છે. નોકરી કરતા માણસો ભાગ્યે જ જોવા મળે. અહીંના જુવાન છોકરાઓ ધો. ૮ કે ૧૦ સુધી ભણીને પછી હીરા ઉદ્યોગ માં કામ કરે છે. હીરા ઉદ્યોગ માટેની ઘંટીઓ અહીં નજીકના ગામ નેત્રંગ અને મૌઝા મુકામે છે.

ગામમાં સવર્ણ કુટુંબો એક અલગ વિભાગમાં રહે છે. બાકીના લોકો છાણ માટી તથા વાંસના બનાવેલા ઘરોમાં રહે છે. ગામમાં ભાગ્યે જ બે - ત્રણ પાકાં મકાન જોવા મળે. આદિવાસી અને સવર્ણ કુટુંબોને એક બીજા જોડે વ્યવહાર નહોતો. સૂગ રાખતા હતા. તેઓ એકબીજાને ઘેર પણ જવાનું પણ ટાળતા. આમ, બેઉ વર્ગ પોતપોતાની રીતે જીવવા ટેવાયેલા હતા. આદિવાસી લોકો

ખેતરમાં આખો દિવસ કામ કરી, થાકીને આવતા તો દારુ પીને ફરતા. અહીંના આદિવાસીઓની એક વિશિષ્ટતા છે, તેઓને કોઈ ને કોઈ વ્યસન હોય છે. આદિવાસી સ્ત્રીઓ પણ આ બાબતમાં પાછળ નથી. તેઓ પણ જાતે બીડી બનાવીને ધૂમાડા કાઢવાની મજા લે છે.

આ ગામોમાં શિક્ષણનું પ્રમાણ ૨૫ - ૩૦% છે. રોડ ઉપર આવેલા ગામડામાં શિક્ષણનું પ્રમાણ થોડાક અંશે અંદરના ગામડાં કરતાં વધારે છે. અહીંના દરેક ગામમાં ધોરણ-૫ સુધીની પ્રાથમિક શાળાઓ છે. તેમાં ભણતા બાળકોની સંખ્યા જૂજ છે. અહી ચાસવડ મુકામે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આજુબાજુના ૮-૧૦ ગામ માટે એક જ છે. દરેક ગામમાં પંચાયત ઓફિસ નથી. પુંનપુંજા અને હાથાકુંડીની પંચાયત ઓફિસ મૌઝા ગામે છે. મૌઝામાં કુલ ૬ ગામડાંની પંચાયત ઓફિસ છે. તેમાં કુલ ૧૪ સભ્યો છે. ત્યાં ચૂંટાયેલા સભ્યો છે. ઝરનાવાડી અને કામલીયાને અલગ - અલગ પંચાયત છે. તેમાં સાત સભ્યો છે. તેઓ પણ ચૂંટાયેલા છે. આ ગામોમાં કોઈ રાજકીય જૂથ બંધી નથી એ અહીંની વિશેષતા છે. એના પરિણામે મંડળી બનાવતી વખતે તકલીફ ઓછી પડી હતી.

## ૩. મંડળી નો ઈતિહાસ

મે ૧૯૮૬ ની એક સચિવ કક્ષાની બેઠકમાં શ્રી વી. બી. પટેલે (સચિવ, સિંચાઈ વિભાગ ગુજરાત) શ્રી અનિલભાઈ શાહને (ચીફ એકઝીક્યુટીવ એ.કે.આર. એસ.પી.) પોતાનો વિચાર દર્શાવતાં કહ્યું કે 'તમારી સંસ્થા (એ.કે.આર.એસ.પી.) ઉદવિહન સિંચાઈ યોજનામાં ખેડૂતોને તાલીમ આપી સમજાવટથી સારી રીતે પાણી વિતરણ કરે છે. તો તમે પિંગુટના કોઈ ભાગમાં પાણી વિતરણની જવાબદારી સ્વીકારો તો સારું.' આ વિચાર શ્રી અનિલ શાહના મનમાં ગુંજતો રહ્યો. તેમની સંસ્થા જ્યારે ૧૯૮૭ માં પિંગુટ ગામ નજીક જંગલ વિકાસનું કામ કરતી હતી ત્યારે સ્ટાફના માણસો અને અનિલભાઈએ બંધ, નહેર અને અન્ય માળખું જોયેલાં. તે સમયે લોકોને પાણી મળતું ન હતું. માળખું સારી સ્થિતિમાં ન હતું. તેથી સંસ્થાએ રસ લઈ વિચાર્યું કે બંધ છે, પાણી છે છતાં ઉપયોગ થતો નથી. તેઓ ગામ લોકોને મળ્યા અને આ અંગે વાત કરી. ગામના લોકોનું કહેવું હતું કે આ બંધ સરકારનો છે. સરકાર જ નક્કી કરી શકે નહેરમાં પાણી છોડવું કે નહીં ? ખેડૂતો કહેતા કે 'અમારા બાળકોનેય જો પાણી મળે તો સારું.'

કેટલાંક ખેડૂતો કહેતા હતા કે બંધ અને નહેરને લીધે અમારી જમીન કાપમાં ગઈ છે, છતાં અમને પાણી મળતું નથી.

આગાખાન સંસ્થા (એ.કે.આર.એસ.પી.) ના કર્મચારીઓ સિંચાઈ વિભાગના કર્મચારીઓને મળ્યા. આ કર્મચારીઓને તેઓ સાગબારી પ્રોજેક્ટ જોવા લઈ ગયા, જ્યાં વ્યવસ્થા અને પાણી વિતરણ એ.કે.આર.એસ.પી. દ્વારા સંભાળવામાં આવતું હતું. તેઓને બીજા પ્રોજેક્ટ, જેવા કે, ઉભારીયા, થીડી, પરોડી તથા ધવલી બોર બતાવ્યા. આ પાણી વિતરણનું કામ જોઈને સરકારી કર્મચારીઓ પ્રભાવિત થયા. તેમને લાગ્યું કે આગાખાન સંસ્થા આટલા ઓછા ખર્ચમાં આવું સારું પાણી વિતરણ કરે છે, જ્યારે પિંગુટમાં આટલો ખર્ચ કર્યા પછી પણ પાણી વિતરણ થતું નથી. ત્યારપછી સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને આગાખાન સંસ્થાના અધિકારીઓ ફિલિપાઈન્સ ગયા હતા. ત્યાં તેમણે પાણી વિતરણ તથા નહેરની જાળવણી ખેડૂતો જાતે કરતા હતા તે જોયું. તે સારી સ્થિતિમાં ચાલતું હતુ. તે જોઈને તેઓને એમ લાગ્યું કે ગુજરાતમાં પણ આવું કંઈક થઈ શકે.

પરિણામે, આગાખાન સંસ્થાએ સરકાર સામે દરખાસ્ત મૂકી કે અમે ખેડૂતોનું સંગઠન બનાવી, બંધના જમણા કાંઠા અને ડાબા કાંઠામાં પાણી વિતરણનું કામ કરવા તૈયાર છીએ. સરકારે વિચારણા કરીને ૯મી મે ૧૯૮૯ ના રોજ માત્ર જમણા કાંઠા માટે પરવાનગી આપી. સરકારે ૧૯મી જૂન ૧૯૯૦ ના રોજ ડાબા કાંઠા માટે પણ એ.કે.આર.એસ.પી.ને પરવાનગી આપી. પણ ડાબાકાંઠા પરના કેટલાક મોટા ખેડૂતોને આગાખાન સંસ્થા પાણી વિતરણનું કામ કરે એ પસંદ ન હોવાથી તેમણે સરકાર પાસેથી આવેલી મંજૂરી રદ કરાવી.

૧૯૮૯ ના વર્ષમાં આગાખાન સંસ્થાએ એક લોક સંગઠક (કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર)ને ઝરણાવાડી મુકામે મુક્યો, પણ આ આદિવાસી વિસ્તાર હોવાથી તે ત્યાં કામ કરવા તૈયાર થયા નહીં. ત્યારપછી અશોકભાઈ પટેલને ત્યાં મૂકવામાં આવ્યા. પ્રથમ ચાર મહિના એમણે ખેડૂતોને મળવાનું અને તેમની સાથે નહેર જોવાનું રાખ્યું. તેમણે ખેડૂતો પાસેથી તેમની મુશ્કેલીઓ જાણવાનો પ્રયત્ન કર્યો. શરૂઆતમાં ખેડૂતો જોઈએ એટલો સહકાર આપતા ન હતા. તેઓ કહેતા હતા કે જો નહેર ચાલુ થશે તો નદીમાં પાણી સૂકાઈ જશે અને પાછળના રાજકારણીઓ અને અન્ય મોટા ખેડૂતો કે જેઓ નદીમાંથી પાણી ખેંચીને ખેતી કરે છે, તેઓનો પાક સૂકાઈ જશે તો તેઓ અમારો પાક ખરાબ કરશે. પણ અશોકભાઈએ સમજાવ્યા કે જો સહકારી રીતે બધા ખેડૂતો સંગઠન બનાવી પાણી લેશે તો કશું થશે

નહીં. કેટલાંક ખેડૂતોને પોતાની જમીનનો ડર હતો. સામાભાઈ ચૈતરભાઈ કહેતા હતા કે 'આગાખાન ૭/૧૨ ના જમીનના ઉતારા લઈ લેશે અને પછી આપણી જમીન પર લોન લેશે તો ખેડૂતો દેવાદાર બની જશે.' કેટલાક અભણ ખેડૂતો એવું માનતા હતા કે સંસ્થા અમારો ધર્મ બદલાવી દેશે તો ? લોકોને સહકારી મંડળી પર વિશ્વાસ હતો નહીં કારણ કે, નજીકના ગામ મૌઝામાં સહકારી મંડળી તૂટી પડી હતી. છેવાડાના ખેડૂતોને એવું હતું કે મંડળી બને કે ન બને અમને પાણી મળવાનું નથી.

આગાખાન સંસ્થાએ ૧૦-૧૨ ખેડૂતોને લઈને ઉભારીયાનું ઉદાહરણ બતાવ્યું, જે આગાખાન સંસ્થા ચલાવી રહી હતી. ત્યાંના લોકોને પાણી મળતું હતું. એટલે લોકોનો વિશ્વાસ વધ્યો. એક બેઠક રાખવામાં આવી, જેમાં આગળના વિસ્તારના ખેડૂતો શેર ભંડોળ આપવા તૈયાર થયા. બેઠકમાં જ નક્કી કરવામાં આવ્યું કે ૫૦ રૂા. શેર + ૧ રૂા. સભ્ય ફી, આમ કુલ ૫૧ રૂા. સભ્ય બનનાર વ્યક્તિએ આપવા પડશે. ઝરનાવાડી ગામના ત્રણ ચાર ખેડૂતો કે જેઓ લોક સંગઠક સાથે કામમાં આગળ રહેતા હતા તેઓ પણ શેર ભંડોળ આપવા તૈયાર થયા. ત્યારબાદ બીજા ખેડૂતો પણ ધીરે ધીરે શેર ભંડોળ આપવા લાગ્યા. એ વખતે સોમાભાઈ વસાવા ઝરનાવાડી ગામના દૂધ મંડળીના એજન્ટ હતા. તેઓ દૂધનો હિસાબ રાખતા, પગારની વહેંચણી કરતા હતા. તેમના નાણાંકીય લેવડ-દેવડના અનુભવને કારણે તેમને હિસાબ રાખવા સોંપ્યો. તેમને સેક્રેટરી તરીકે નીમ્યા. લોક સંગઠક સાથે રહીને મંડળી બનાવવામાં મહેનત કરનાર ઝવેરભાઈ વસાવા, જે આદિવાસીઓમાં થોડાક આગળ પડતા હતા, તેમને પ્રમુખ તરીકે નીમ્યા.

આગાખાન સંસ્થા તરફથી ખેડૂતો માટે એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. પ્રવાસનો હેતુ એ હતો કે ખેડૂતોને પાણી વહેંચણી કેવી રીતે થાય, નિયમો અને તેનું પાલન કેવી રીતે કરાય, હિસાબ-કિતાબ શી રીતે રખાય, એની જાણકારી ઉદાહરણથી મળે. પ્રવાસ માટે ૧૦ રૂા. ટોકન ચાર્જ લઈને ૫૦ - ૫૫ ખેડૂતોને જૂનાગઢ જિલ્લાના સમઢીયાળા અને સુરેન્દ્રનગર જિલ્લાના બામણબોર બનાવ્યા. આ જગ્યાએ આગાખાન સંસ્થા મારફતે પાણી વિતરણ થતું હતું. સમઢીયાળામાં તેમને નિયમો બનાવવા અને તેનું પાલન કેવી રીતે કરાવવું એ બતાવ્યું. બામણ બોરમાં શેર ભંડોળ અને પાણીની વહેંચણી કેવી રીતે કરવી એ દર્શાવ્યું. શરૂઆતમાં માત્ર ૬૫ સભ્યો જ શેર ભંડોળ આપવા તૈયાર થયા હતા. માર્ચ ૧૯૯૦ માં મંડળીનું રજીસ્ટ્રેશન કરાવવાનું કામ શરૂ થયું અને ૯ મી જુલાઈ ૯૦ માં 'ધી જીવનદીપ પિયત વિસ્તારમાં પાણી વહેંચણી કરનારી સહકારી મંડળી

લીમીટેડ' ના નામે મંડળીનું રજીસ્ટ્રેશન થયું.

શરૂઆતમાં એક સામાન્ય સભા બોલાવવામાં આવી. એમાં પ્રમુખ અને સેક્રેટરી, જે પહેલાં નક્કી કર્યા હતા, તેમને જ લોકોના કહેવાથી ચાલુ રાખવામાં આવ્યા. ઉપરાંત, વ્યવસ્થાપક સમિતિની પણ નિમણૂંક કરવામાં આવી. સમિતિના સભ્યોમાં જે લોકો બોલી શકે તેવા હતા તેઓને, પસંદ કરવામાં આવ્યા. આ પસંદગીમાં ખેડૂતો સાથે આગાખાન સંસ્થાના લોક સંગઠકે પણ ભાગ લીધો હતો. દરેકે શું કામ કરવાનું તે પણ નક્કી કરવામાં આવ્યું. મંત્રી પૈસાની લેવડ-દેવડ હિસાબ કિતાબ, અરજી સ્વીકારવાનું તથા પૈસા ઉઘરાવવાનું કામ કરશે. જ્યારે વ્યવસ્થાપક સમિતિ પાણી વિતરણમાં થયેલ ઝઘડાનું નિરાકરણ, ખર્ચ બાબતે નિર્ણય તથા અન્ય જરૂરી નિર્ણયો લેશે. પ્રમુખ દરેક ઉપર દેખરેખ રાખશે.

ત્યારપછી સરકારે નહેરની ચકાસણી (ટેસ્ટિંગ) કરીને આગાખાન સંસ્થાને પાણી વિતરણ માટે સોંપી. સરકાર અને આગાખાન સંસ્થા વચ્ચે થયેલ કરાર આ પ્રમાણે હતા.

૧. બંધ અને નહેર આગાખાન સંસ્થાને 'જેમ છે તેમ' પાણી વિતરણના હેતુથી સોંપવામાં આવી છે. નહેર અને બંધની માલિકી રાજય સરકારની રહેશે.

૨. જૂન '૯૧માં સરકાર જમીન વિસ્તાર ઉપર પાણીના પૈસા લેશે, એ પહેલાં જથ્થા પર ભાવ નક્કી કરવામાં આવશે.

૩. આગાખાન સંસ્થા સરકારે નક્કી કરેલા પાણીના ભાવ કરતાં ઓછા ભાવ ખેડૂતો પાસેથી લઈ શકશે નહીં.

૪. બાકી રહેલાં નહેરનાં કામ જો આગાખાન સંસ્થાની ઇચ્છા હોય તો તેને સોંપવામાં આવશે. કામ ડીઝાઈન પ્રમાણે અને જે પૈસા નક્કી કરેલ છે તે પ્રમાણે આપવામાં આવશે.

૫. મરામત અને જાળવણી ખર્ચ સરકારી નિયમ પ્રમાણે આગાખાન સંસ્થાને આપવામાં આવશે.

૬. આગાખાન સંસ્થા ખેડૂતોનું સંગઠન બનાવશે. એનો હેતુ માત્ર સમાન પાણી વિતરણ, પાણીના જથ્થા ઉપર કરશે.

૭. સરકાર ખેડૂત ભાગીદારીનો દેખાવ (પરફોર્મન્સ) જોવા આવશે, એનો હેતુ ભાગીદારીને વધુ સારી બનાવવાનો હશે. આ કામ સરકાર અને સંસ્થા સાથે રહીને કરશે.

**મંડળીના હેતુઓ**

ખેડૂતો અને સિંચાઈ વિભાગ તથા આગાખાન સંસ્થાએ મંડળીની રચના કરી અને તેના કેટલાક હેતુઓ પણ નકકી કરવામાં આવ્યા. જેથી દરેક ખેડૂતને ફાયદો થાય, આ હેતુઓ નીચે પ્રમાણે છે.

૧. લાભ ક્ષેત્રના વિસ્તારમાં આવતી જમીનને ખેતીવાડી માટે પાણી પૂરું પાડવું.
૨. મંડળીના કામ માટે અને સભ્ય ખેડૂતને પાણી પહોંચાડવા માટે જો જરૂરી હોય તો જમીન મેળવવી.
૩. પાણી વિતરણ માટે જરૂરી હોય તો મંડળીએ કૂવા, તળાવ, આડ બંધ, કુંડીઓ વગેરેનું બાંધકામ, સમારકામ અને મરામત કરવી.
૪. દરેક વિસ્તારમાં યોગ્ય અને સમાન રીતે પાણીની વહેંચણી કરવી.
૫. મંડળીએ પંપ અને જરૂરી સાધનો ખરીદવાં અથવા ભાડે રાખવાં તથા તેની જાળવણી ખેડૂતોના ફાયદા માટે કરવી.
૬. 'વારાબંધી' (પાણી વહેંચણીનો કોઠો) બનાવી તેનું પાલન કરાવવું, જેથી દરેક સભ્યને સમય પ્રમાણે અને પૂરતું પાણી મળી રહે.
૭. મંડળીએ સિંચાઈ વિભાગ સાથે મળીને પાણીના દર નક્કી કરવા કે જે નામદાર સરકારશ્રી કરતાં ઓછા ન હોવા જોઈએ અને તે સરકારશ્રીને નિયત સમયમાં ભરપાઈ કરવાના રહેશે.
૮. સહકારી મંડળીના પગારદાર માણસો તથા સભ્યોને સહકારી શિક્ષણ અને તાલીમ કાર્યક્રમમાં મદદ કરવી અથવા તેનું આયોજન કરવું.

આમ,ચઢાણ-ઉતરાણ ની અડચણો વટાવતી સહકારી મંડળી બનાવવાની પ્રક્રિયા આગાખાન સંસ્થા અને ખેડૂતોના પરસ્પર સહકારથી પૂર્ણ થઈ.

**પાણીનું આયોજન**

પાણી નહેરમાં છોડવાની તારીખ સરકારી (સિંચાઈ વિભાગ) એન્જીનીયર (શ્રી પંચાલ સાહેબ) તથા ખેડૂતો સાથે બેસીને નક્કી કરે છે. મંડલી શરૂ થઈ ત્યારથી આગાખાન સંસ્થાના લોક સંગઠક (કોમ્યુ. ઓર્ગેનાઈઝર), સિંચાઈ વિભાગના એન્જીનીયર અને ખેડૂતો સાથે બેસી; પાણીની તારીખ, દરેક વારા પ્રમાણે, નક્કી કરતા હતા. સિંચાઈ વિભાગનો સહકાર અહીં સારો છે. આ અધિકારીઓ મિટીંગમાં ખેડૂતોને પ્રથમ પૂછે છે કે તમારે પાણી ક્યારે જોઈએ.

ખેડૂતો સીધેસીધા કહી શકતા ન હોવાથી આગાખાન સંસ્થાના લોક સંગઠક તારીખ માટે મદદ કરતા હતા. હવે ખેડૂતો એન્જીનીયરને સીધું કહી શકે છે. એન્જીનયર (શ્રી પંચાલ સાહેબ) શક્ય હોય તેટલું ખેડૂતોને યોગ્ય બેસે એ પ્રમાણે તારીખ નક્કી કરવામાં ફાળો આપે છે. આમ તો, અહીં વાલ્મી (આણંદ) દ્વારા પાણી વિતરણની, પિયત પ્રમાણેની તારીખો નક્કી થઈને પત્રથી જાણ કરવામાં આવે છે. છતાં પણ સિંચાઈ વિભાગ અને ખેડૂતોનો સહાકર એકબીજા પ્રત્યે સારો હોવાથી સિંચાઈ વિભાગ હંમેશાં ખેડૂત તરફી નિર્ણય લે છે. વાલ્મી (આણંદ) થી આવતા પત્રમાં બંધમાં કેટલું પાણી છે, એના આધારે કેટલા પિયત આપી શકાશે, એવી કોમ્પ્યુટરથી કરેલી ગણતરી સાથેની વિગતો હોય છે. મોહનભાઈના કહેવા પ્રમાણે 'પાણીની તારીખ જે રીતે નક્કી થાય છે તે અમને ગમે છે તે સારું છે.' ઝવેરભાઈ ના કહેવા પ્રમાણે 'અમે જેમ તારીખ બદલવા માંગીએ છીએ એમ તેઓ બદલે છે, તેથી દરેક ખેડૂતોને સરળતા રહે છે.'

**પાણી માટેની અરજી કરવાની રીત**

જ્યારથી મંડળી શરૂ કરવામાં આવી છે ત્યારથી મંડળી ખેડૂતો પાસેથી અરજી સ્વીકારે છે. શરૂઆતમાં અરજી પત્રક ભરવું તથા ઉઘરાવવું ખેડૂતો માટે અઘરું હતું. એ સમયે આગાખાન સંસ્થાના લોક સંગઠક અરજી ભરવા તથા ઉઘરાવવા માટે મદદ કરતા હતા. ઘણી વખત સરકારી માણસ (બાંધકામ સુપરવાઈઝર) પણ મદદ કરતા હતા. અત્યારે હાલ મંડળી અરજી પત્રકો ઉઘરાવે છે. તેમાં વોચમેન પણ મદદ કરે છે. અભણ ખેડૂતોને અરજી પત્રકો ભરવામાં સેક્રેટરી મદદ કરે છે. અહીં કોણ માણસ કેટલી જમીન માટે અરજી કરી શકશે એવું નક્કી નથી. વાલ્મીમાંથી આવેલા પત્ર પરથી સરકારી માણસો સેક્રેટરીને પત્ર દ્વારા જણાવે છે કે મંડળી આ વખતે અમુક વિસ્તારની અરજી ઉઘરાવી શકશે, તેના કરતાં વધુ વિસ્તાર માટે અરજી સ્વિકારશો તો તે વિસ્તારની પૂરતા પાણીની અમે બાંહેધરી આપતા નથી. તેથી સેક્રેટરી અને ચેરમેન તથા કમિટી નક્કી કરે છે કે મોટા ખેડૂતોનો વધારે વિસ્તાર હોય તો તેમની અરજી પરત કરવી, દરેક નાના ખેડૂતોને અરજી કરવાનો અધિકાર છે અને અરજી કરી હોય તેમને પાણી મળે છે. અરજી કરેલી હોય છતાં પાછી ખેંચવી હોય તો ખેડૂત ખેંચી શકે છે. પણ તેને પહેલા પિયત સુધી પાછી ખેંચી શકે છે. એક પાણી પિયત માટે મળ્યું તો તેને પૂરેપૂરો દર ભરવો પડે છે. અરજી પત્રકમાં ખેડૂતનું નામ, જમીન વિસ્તાર, બ્લોકનંબર, પાક વગેરે નોંધવામાં આવે છે. અરજી કરવાની છેલ્લી તારીખ નક્કી કરવામાં આવે છે. પરંતુ તે તારીખ સુધી ઘણા ખેડૂતો અરજી કરતા નથી, છતાં

મંડળી તેમને પાણી લેવા દે છે. હજુ સુધી ઘણા ખેડૂતો જાગૃત નથી. અહીં અરજી માત્ર એક ઋતુ પૂરતી ગણવામાં આવે છે.

આમ, અરજી પત્રકો ઉઘરાવીને મંડળી સિંચાઈ વિભાગમાં આપે છે. ત્યાં સરકારી એન્જીનીયર તેની ચકાસણી કરે છે કે આ વિસ્તાર લાભક્ષેત્રમાં આવે છે કે નહીં. અને આ પ્રમાણે આખી પ્રક્રિયા પૂર્ણ થાય છે. તેઓ વાલ્મીએ આપેલ મહત્તમ વિસ્તાર કરતાં પણ વધારે અરજી સ્વીકારે છે.

**પાણી વિતરણ વ્યવસ્થા**

શરૂઆતમાં ૧૯૯૦ માં લોકોને વિશ્વાસ ન હોવાથી કોઈ પાણીની અરજી કરવા કે સભ્ય બનવા તૈયાર ન હતા. પરંતુ આગાખાન સંસ્થાના પ્રયત્નોથી આરંભે ૧૩ હેક્ટર જેટલા વિસ્તારની અરજી ભરાઈ હતી. તે સમયે પાણી વિતરણ જોવા માટે સરકારી સિંચાઈ વિભાગના એન્જીનીયર, સેક્રેટરી, ચેરમેન તથા ૩ રખેવાળ (વોચમેન), જે નક્કી કર્યા હતા એ,પાણી વિતરણ વ્યવસ્થા સંભાળતા હતા. રખેવાળનું કામ, પાણી માટે દરવાજો ખોલી આપવો. બંધ કરવો તથા પાણી વિતરણ જોવાનું હતું. પ્રથમ વર્ષે વિસ્તાર ખૂબજ ઓછો હોઈ પાણી વિસ્તારમાં કોઈજ તકલીફ પડી ન હતી. શરૂઆતના વર્ષમાં આગાખાનના લોક સંગઠક પણ પાણી વિતરણ જોવા માટે આવતા હતા. એ સમયે લોકોમાં ધીરે ધીરે ઉત્સાહ વધવા લાગ્યો, કારણ કે, લોકોને પાણી મળવા લાગ્યું એ જોયું. આ વખતે લોકોને જેટલું જોઈએ એટલું પાણી મળતું હતું. ખેડૂતોનો વિશ્વાસ વધ્યો તેથી વધુને વધુ ખેડૂતો મંડળીમાં જોડાવા લાગ્યા.

'૯૧ની સાલમાં વરસાદ ઓછો પડયો હતો. તેથી ખેડૂતોએ માગણી કરી કે ચોમાસામાં અમારે પાક માટે પાણી જોઈએ છે. આ મંગણી આગાખાનના લોક સંગઠક તથા ખેડૂતોએ સાથ મળીને જણાવી હતી. ખેડૂતોની માંગણીને માન આપીને તેમણે ચોમાસામાં પણ બંધનું પાણી લગભગ ૩૨ હેક્ટરમાં આપ્યું હતું. ખેડૂતોને ત્યાં જ મોટો ફાયદો જણાયો હતો. ત્યારપછી ઉનાળા માટે પણ પાણી આપવાનું નક્કી થયું. તેમણે ઉનાળામાં ૯૩ હેક્ટર જેટલા વિસ્તારમાં પાણી આપ્યું હતું. આ વખતે જે પાક માટે અરજી ભરાઈ હતી તે પાકો :- મગફળી, મગ, શેરડી, ઘઉં, ડાંગર વગેરે હતા. પાણી વિતરણ વ્યવસ્થામાં સરકારી રખેવાળ જે બંધમાંથી પાણી છોડે છે તેનું કાર્ય, દરવાજો ખોલવો, બંધ કરવો તથા રક્ષણ કરવું. મંડળીનું કામ મુખ્ય દરવાજા પછી તરત જ શરૂ થાય છે. આ વખતના પાણી વિતરણમાં ગામ મુજબ દિવસો ફાળવવામાં આવ્યા હતા. પુંનપુંજા ગામને બે

દિવસ, હાથાકુંડીને ૩ દિવસ, ઝરનાવાડીને ૩ દિવસ કામલીયાને ૨ દિવસ પાણી વિતરણનું નક્કી થયું હતું. ખેડૂતો પોતાનો વારો પોતે નક્કી કરતા હતા. જે કૂંડીની નજીક હોય એ પ્રથમ પાણી લે, ત્યાર પછી બીજો ખેડૂત પાણી લે. આમ દરેક પિયતમાં પ્રથમ પિયતની જેમ જ વારો નક્કી થતો. ધારો કે ખેડૂતને કોઈ સામાજિક કામ આવી પડયું હોય તો તે ખેડૂતની બદલીમાં બીજો ખેડૂત પાણી લે અને બીજા ખેડૂતના વારા વખતે તે ખેડૂત પાણી લે છે. આમ આદિવાસી લોકોમાં પોતાની આગવી સૂઝ છે. તેઓમાં આ વખતે કોઈ ઝઘડો થયો ન હતો. કારણ કે વિસ્તાર ઓછો હતો, મંડળીની શરૂઆત હતી એટલે લોકોમાં ઉત્સાહ હતો. આદિવાસી ખેડૂતને ધારો કે એક વારો ન મળતો તો તેઓ કોઈનેય જણાવતા નહીં. અને બીજા વારાની રાહ જોતા. પણ ધીરે ધીરે બીક દૂર થતી ગઈ અને તેઓ સરકારી કર્મચારીઓની નજીક આવી ગયા. પહેલાં પોતાને નડતી મુશ્કેલીઓ કહેવા ખેડૂતો સીધા આગાખાન સંસ્થાનાં લોક સંગઠક પાસે જતા. તેમના દ્વારા આ વાત મિટીંગમાં કહેવામાં આવતી અને તેનું નિરાકરણ પણ તેઓ જ લાવતા હતા. તે સમયે કેટલાક નિયમો બનાવ્યા હતા, પણ કોઈ નિયમ પાળતું ન હતું. જેમ જેમ લોકોમાં સમજ આવતી ગઈ તેમ તેમ વધુને વધુ લોકો મંડળીમાં જોડાવા લાગ્યા. અત્યાર સુધી ત્રણેય રખેવાળ વર્ષ માટે રાખવામાં આવ્યા હતા. પણ શરૂઆતના બે વર્ષ પછી ઋતુ પૂરતા રખેવાળ રાખવામાં આવ્યા હતા.

'૯૨ની સાલમાં ૧૯૦ હેક્ટર જેટલાં વિક્રમ પિયતનાં અરજી પત્રક આવ્યાં. વાલ્મીએ મોકલાવેલ પત્ર પ્રમાણે ૧૮૦ હેક્ટર મહત્તમ વિસ્તાર થઈ શકે એમ હતો. પરંતુ આ વર્ષે ૧૯૦ હેક્ટર વિસ્તારમાં પિયત થયું. લોકોની સમજ, સરકારી વિભાગ, સ્વૈચ્છિક સંસ્થા તથા મંડળીના રખેવાળ વગેરેની પાણી વિતરણમાં મદદને કારણે વ્યવસ્થિત પાણીની વહેંચણી થઈ. આ વર્ષે પાણી વિતરણની વ્યવસ્થા બદલાઈ હતી. હવે ગામ પ્રમાણે વિતરણને બદલે, ત્રણ વિભાગ પાડવામાં આવ્યા. મિટીંગમાં નક્કી કર્યું કે ૪ દિવસ ૧ આર ગૌણ નહેર ૪ દિવસ હાથાકુંડી સુધીનો વિસ્તાર અને ૪ દિવસ છેવાડાના ભાગમાં આપવામાં આવશે. આ વખતે દરેક બારા માટે એક મુખ્ય નેતા નક્કી કરવામાં આવ્યો હતો. જે પોતાના બારા પૂરતું પિયતનું ધ્યાન રાખતા. પણ આ પ્રણાલી માત્ર કાગળ પર જ રહી ગઈ, પાછળથી કોઈએ અમલ કર્યો નહીં.

સિંચાઈ વિભાગના એન્જીનીયર તથા અન્ય મદદગાર સરકારી માણસો તથા લોક સંગઠક અને ખેડૂતાએ સાથે મળીને કેટલાક નિયમો બનાવ્યા હતા.

જેવા કે,

**૧. કોઈ એક પિયતમાં બે વખત પિયત કરી શકશે નહીં.**

**૨. કોઈ વ્યક્તિ નહેરમાં અડચણ ઊભી કરશે નહીં.**

પણ આ નિયમોનું પાલન થતું ન હતું. છતાં પણ પાણી વિતરણ સારું ચાલતું હતું. આ વખતે મંડળીએ દરેક ખેડૂતોને પિયત માટેનાં કાર્ડ આપ્યાં હતાં. આ કાર્ડ પધ્ધતિ પણ આગાખાન સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેમાં નામ, વિસ્તાર, પાક, પિયતની નોંધણી તારીખ સાથે હતી. તથા એ કાર્ડ પર મંડળીના નિયમો પણ છાપેલા હતા. દરેક ખેડૂતને કહેવામાં આવ્યું હતું કે દરેકે કાર્ડ લઈને પિયત માટે આવવું. પરંતુ, આ થોડા સમય પૂરતું ચાલ્યું પછી કોઈ પણ ખેડૂત કાર્ડ લઈને આવતા ન હતા. ખેડૂતો જાતે વારો નક્કી કરે અને પોતે જાતે જ દરવાજો ઉઘાડીને પાણી લે. આ વરસના પાક આ પ્રમાણે હતા : મગફળી, મગ, શેરડી વગેરે, મગફળીના વિસ્તારમાં આ વખતે વધારો થયો હતો. '૯૧ ના વર્ષે ૪૩ હેક્ટરની જગ્યાએ આ વર્ષે ૧૨૬ હેક્ટર જેટલો વિસ્તાર મગફળી હેઠળ હતો.

'૯૩ના વર્ષમાં નહેરનું ખોદકામ,નહેરને પાકી કરવી તથા પાઈપ લાઈનનું કામ ચાલું હતું તેથી, ૧૦૮ હેક્ટરમાં જ પિયત થયું હતું. ખેડૂતોને સમજ પડી કે આ વખતે કામ ચાલે છે એટલે પિયત અનિયમિત રહેશે તો તેમણે મગ વાવવાનું વિચાર્યું. મગનો વાવણી વિસ્તાર ૭૯ હેક્ટર, જ્યારે મગફળીનો વિસ્તાર ૨૦ હેક્ટર રહ્યો. આ વર્ષે પણ નિયમોનું બરાબર પાલન થયું ન હતું. ખેડૂતોને પાણી અનિયમિત મળ્યું. કારણ કે કામ ચાલતુ હોવાથી સેક્રેટરી, ચેરમેન, આગાખાનના લોકસંગઠક વગેરે લોકો કામનું ધ્યાન રાખવામાં રહ્યા હતા. એની અસર પાણી વિતરણ પર થઈ હોવાથી પાણી નિયમિત મળ્યું ન હતું. ૧૦ - ૧૨ ખેડૂતો એવા હતા કે જેમને પૂરતું પિયતનું પાણી મળ્યું ન હતું. લોકોએ શેરડી વિસ્તાર થોડોક જ કર્યો હતો. આમ તો વાર્ષિક પાક વાવવાનું '૯૨ની સાલથી શરૂ થયું હતું. આ વખતે ઉનાળું ઋતુમાં સરકાર અને મંડળી વચ્ચે નક્કી થયું કે પિયત થયેલ જમીન માપણી હવેથી મંડળી કરશે અને સરકાર તેના અમુક ૧૦% જેટલા જમીનના ટુકડા માપશે. જો તેમાં ખોટુ જણાયું તો જેટલો વધારે વિસ્તાર ૧૦% જેટલા ભાગમાં માલુમ પડયો હશે તે પ્રમાણે સમગ્ર વિસ્તારને ગણી લેવામાં આવશે, તે મંડળીએ સ્વીકારવું પડશે તથા તે પ્રમાણે ફી ભરવી પડશે. જમીનની પૂરેપૂરી માપણી કરવાનું કામ આ સમયથી સરકાર માટે લગભગ બંધ થઈ ગયું.

'૯૪ના વર્ષમાં નહેર પાકી બની ગઈ હતી.પણ પાઈપલાઈનની ચકાસણી

કરવાની હતી તથા બીજી કુંડીઓ બનાવવાની બાકી હતી. આ વખતે પણ અરજી પત્રકો વાલ્મીના (૧૮૦ હેક્ટર) ધાર્યા કરતાં વધારે આવ્યાં, ૧૯૯ હેક્ટર માટે પિયત થયું. ખેડૂતોમાં હવે ખૂબ જ ઉત્સાહ હતો. નહેર પર દેખરેખ વધી હતી. હવે રખેવાળોને પણ કડક બનાવાયા હતા. છતાં આગળના વિસ્તારના લોકો એક પિયતમાં બે વખત પાણી લેતા હતા. નહેરમાં અડચણ ઊભી કરતા હતા તેથી, છેવાડાના ભાગના ખેડૂતોને પૂરતું પાણી મળતું ન હતું. તેઓએ મિટીંગોમાં વારંવાર આ વાત જણાવી હતી, છતાં કોઈ પગલાં લેવાયાં ન હતાં. આ વખતે મગનો વિસ્તાર વધુ હતો, ૧૦૬ હેક્ટર. શેરડીનો વિસ્તાર હવે વધવા માંડયો હતો તે પણ ૪૮ હેક્ટર સુધી પહોંચ્યો હતો. છેવાડાના વિસ્તારના માલજીભાઈ આ અંગે કહે છે કે 'મંડળી નિયમો બનાવે છે, પણ તેનું પાલન થતું નથી. તેથી, અમને પાણીમાં થોડી તકલીફ પડે છે. આગાખાન સંસ્થા અને સિંચાઈ વિભાગ મદદ કરે છે પરંતુ, મંડળીના રખેવાળ નિયમો પળાવવામાં નિષ્ફળ રહ્યા છે.' ખેડૂતો સભામાં હાજર રહેતા નથી. સામાન્ય સભા હોય તો ૨૨૪ સભ્યોમાંથી માત્ર ૨૫-૩૦ ખેડૂતો જ હાજર રહે છે. ખેડૂતો માને છે કે મંત્રી અને પ્રમુખ તથા આગાખાન સંસ્થાના લોક સંગઠક જે નિર્ણય લે છે તે અમને માન્ય છે. છેવાડાના વિસ્તારના પરેશભાઈ કહે છે, 'સભામાં અમારા પાણી મળવાના પ્રશ્નનું અને નિયમો પાળવા બાબતે ઘણી વખત કહ્યું હોવા છતાં કોઈ નિર્ણય લેવાતો નથી. તેથી, અમને એમાં આવવાનું મન થતું નથી.' દલસુખભાઈ વસાવા કહે છે, 'અમારા ગામથી મંડળીની ઓફીસ દૂર છે તેથી અમે જતા નથી. ખેડૂતોને કોઈ સામાજિક કામ હોય, અથવા ખેતીનું કામ હોય તો આવતા નથી.'

### નહેરની જાળવણી અને મરામત

પિંગુટ સિંચાઈ યોજનાની જમણા કાંઠાની સહકારી મંડળીને સરકારે 'પ્રાયોગિક મંડળી' (પાયલોટ પ્રોજેક્ટ) તરીકે સ્વીકારી છે. જ્યારથી મંડળી બની ત્યારથી સરકાર ત્યાં નહેરની જાળવણી, મરામતનો ખર્ચ ભોગવે છે. ખેડૂતોએ માત્ર તેમના ઢાળિયા બનાવવાના હોય છે.

નહેર કોઈપણ જગ્યાએ તૂટી ગઈ હોય કે પાણીનું ઝમણ થતું હોય તો મંડળીના સેક્રેટરી અથવા પ્રમુખ સિંચાઈ વિભાગને જણાવતા. સિંચાઈ વિભાગ-ના કર્મચારીઓ ગામમાંથી મજૂર બોલાવી તેની મરામત કરતા. તે સમયે દેખરેખ રાખવા માટે સરકારી ઇજનેર, સુપરવાઈઝર તથા મંડળી તરફથી પ્રમુખ અથવા મંત્રી (સેક્રેટરી) હાજર હોય છે. પણ, આ પ્રક્રિયા લાંબી થતી, જેમ કે, સિંચાઈ વિભાગને કહેવું, તેઓ મજૂર બોલાવે અને કામ થાય. સિંચાઈ વિભાગ અને

મંડળી વચ્ચે સારા સંબંધ વિકસેલા હોઈ કાર્યપાલક ઈજનેરે પ્રમુખ અને મંત્રીને કામ માટે નો નિર્ણય લઈ કામ ચાલુ કરાવી દેવાનું કહેલ છે. કામ ચાલુ થાય પછી મંડળી કાર્યપાલક ઈજનેર જણાવે છે. કામ થયા પછી મંડળી મજૂરીનું બિલ સિંચાઈ વિભાગને મોકલાવે છે અને તે પાસ થઈ બીજા મહિને મંડળીને ખર્ચ મળી જાય છે. માત્ર શરૂઆતમાં ખર્ચની રકમનું રોકાણ મંડળીએ કરવું પડે છે, જે પરત મળી જાય છે. કામની આ પદ્ધતિથી કામ ઝડપી થાય છે, સારું થાય છે. દરેક ખેડૂતોને મરામતથી સંતોષ છે તેઓ કહે છે કે અમારી નહેરની જાળવણી સારી રીતે થાય છે.

નહેરની અંદર રેતી જામી જવા ન કે તેમાં ઘાસ ઉગવાનો પ્રશ્ન બહુ ઓછો છે. સરકાર તે દૂર કરવા પણ ખર્ચ આપે છે. આગાખાન સંસ્થાના લોક સંગઠક પણ નહેર મરામત ચાલતી હોય તો દેખરેખ રાખવા જાય છે. કોઈવાર તેઓ સિંચાઈ વિભાગને નહેરની તૂટફૂટ બાબતે કહેવા જાય છે. કોઈવાર તેઓ સેક્રેટરીને બોલાવી સીધા જ મજૂરોને કામે લગાવી દે છે. ક્યારેક નજીકના ખેતરોના ખેડૂતો પણ આ કામમા જોડાય છે. આમ, ત્રણ-ત્રણ બાજુથી આ સહકારી મંડળીને મળતા સહકારથી જાળવણી અને મરામત ખૂબજ સારી રીતે થાય છે.

## ૪. મંડળીના લાભો

આ વિસ્તારમાં સહકારી મંડળી બનવાથી ખેડૂતોને ઘણા ફાયદા થયા છે, જે નીચે દર્શાવેલ છે.

૧. મંડળી બની એ પહેલાં પાણી મળતું નહોતું, એ મંડળી બનવાથી મળતું થયું છે.

૨. પાણી દરેક વ્યક્તિને પૂરતા પ્રમાણમાં મળતું હોવાથી સમાન પાણીની વહેંચણી શક્ય બની છે.

૩. મોટા ખેડૂતો અને આદિવાસી લોકો વચ્ચેનું અંતર ઓછું થયું છે. લોકો એકબીજા સાથે વાતચીત કરતા થયા છે.

૪. અભણ ખેડૂતો સાહેબોથી ડરતા હતા. મંડળી બનવાથી તેમની વાતચીત કરવાની ઢબ બદલાઈ છે. તેઓ પોતાનો પ્રશ્ન સીધેસીધો જણાવી શકે છે.

૫. મંડળી બનવાથી લોકોને સિંચાઈનું મહત્ત્વ સમજાયું છે.

૬. નહેરની જાળવણી અને મરામત સમયસર, બધી જગ્યાએ યોગ્ય રીતે થાય છે.

૭. ખાતર કંપની અને બીજ નિગમ સીધેસીધું કોઈ એક ખેડૂતને કમિશન આપતી નથી. પરંતુ મંડળી બનવાથી તે ખાતર અને બિયારણ એક મિહનાના ઉધાર પર અને સાથે કમિશન પણ આપે છે, જેથી ખેડૂતોને ખાતર બિયારણ સસ્તું અને યોગ્ય, વિશ્વાસપાત્ર મળે છે.

૮. મંડળી બનવાથી નહેરની વારંવાર જાળવણી - મરામતને લીધે ઘણાં મજૂરોને મજૂરી મળી રહે છે.

૯. ઉનાળામાં પાણી મળવાથી લોકો બે ઋતુમાં પાક લેતા થયા છે. પહેલાં એક ઋતુમાં પાક લેતા હતા.

૧૦. મંડળીને લીધે લોકોને પાણી મળવા માટેનો વિશ્વાસ વધ્યો છે. તેથી રોકડીયા પાક શેરડી, મગફળી વાવતા થયા છે. લોકોની આવકમાં વધારો થયો છે. મંડળી પહેલાં માત્ર ચોમાસુ પાક વાવતા તેથી ખેડૂત દીઠ આવક ૩૯૮૦ રૂા. હેક્ટર થતી હતી, જ્યારે મંડળી બનવાથી ખેડૂતની આવક ૧૮૯૦૦ રૂા. હેક્ટર થઈ છે. એટલે કે આવક રૂા. ૧૪૯૦૦ રૂા. પ્રતિ હેક્ટર વધી છે.

૧૧. મંડળી બનવાથી ઘાસચારો, અનાજ, શાકભાજી વગેરે સરળ રીતે મળતાં થયાં છે.

૧૨. મંડળીએ નહેરના શરૂઆતનાં બે કી.મી. સુધી ઝાડ રોપ્યા છે. તેથી પર્યાવરણ માટે ફાયદાકારક છે.

૧૩. આગાખાન તરફથી બિયારણ માટેનું ધિરાણ મળતું થયું છે.

૧૪. ખેતી માટેના જરૂરી સાધનો; ઓઈલ એન્જીન, થ્રેસર, દવા છાંટવાનો પમ્પ અડધા ભાડે મળે છે.

૧૫. શેરડી જેવા પાકનું વાવેતર વધવાથી ચાસવડ ગામમાં ખાંડસરીનો ઉદ્યોગ વિકસ્યો છે, જેને કારણે વાહન વ્યવહાર વધ્યો છે. તેથી જે ખેડૂતો ટ્રક અથવા ટ્રેક્ટર ધરાવે છે તેમની આવક વધી છે.

૧૬. સૌથી મોટો ફાયદો એ છે કે આદિવાસી લોકોનું, ચોમાસુ પાક નિષ્ફળ જવાથી શહેરી વિસ્તાર તરફનું ગમન હવે લગભગ બંધ થઈ ગયું છે.

## મંડળીની અન્ય પ્રવૃત્તિઓ

૧. **ઘાસ-ચારાની પ્રવૃત્તિ :-** ૧૯૯૦ ની સાલમાં જ્યારથી મંડળી શરૂ થઈ તેની સાથે શરૂ થઈ હતી. આ પ્રવૃત્તિમાં નહેર પરનું ઘાસ સાચવતા અને તેને વેચતા જેથી મંડળીનાં નફામાં વધારો થાય. આ પ્રવૃત્તિ બે વર્ષ ચાલી પછી મંડળીને સમજાયું કે સાચવણી ખર્ચ વધારે થાય છે. તેના માટે ત્રણ વોચમેન ૩૦૦-૦૦ રૂા. મહીના માટે રાખવામાં આવ્યા હતા. તે પ્રવૃત્તિ બંધ કરવામાં આવી.

૨. **ઓઈલ - એન્જીન :-** મંડળીનો નફો '૯૧ની સાલમાં સારો થયો હોવાથી ૯૨માં રૂા. ૧૪૦૦૦ નું ૮ હો.પા. નું મશીન ખરીદ્યું. મંડળી મશીન એ લોકોને આપતી જેમની જમીન ઉંચાઈવાળા ભાગ પર હોય અને નહેરનું પાણી પહોંચી શકતું ન હોય. તે માટેના કલાકની ફી રૂા. ૫ છે. જે સામાન્ય ફી કરતા અડધી છે. તથા ડીઝલ ખર્ચ ખેડૂત ભોગવે છે. વાપરનાર ખેડૂતને પાણીની કિંમત સરકારી કિંમત પ્રમાણે ચૂકવવાની હોય છે. આ કામની નોંધ વોચમેન રાખે છે.

૩. **સ્પ્રે પમ્પ :-** મંડળીએ '૯૨ની સાલમાં એક દવા છાંટવાનો પંપ ખરીદ્યો હતો. જેની ફી એક દિવસના રૂા. ૨-૦૦. જે મંડળીના સભ્ય ન હોય તેને એક દિવસના રૂા. ૫-૦૦ ફી આપવાની રહેતી.

૪. **બિયારણ :** મંડળીએ '૯૨ની સાલમાં બીજી સહકારી મંડળીમાંથી બિયારણ લાવી આપવાનું શરૂ કર્યું. પરંતુ તેમાં કમિશન મળતું ન હોવાથી '૯૩ની સાલથી સીધેસીધું નિગમમાંથી લાવ્યા. તેમાં મંડળીને ૧.૫% જેટલું કમિશન મળે છે. ૯૪ની સાલમાં એમણે ૨૫ ક્વીન્ટલનું વિતરણ કર્યું હતું. બિયારણ આપવાની બાબતે સેક્રેટરી કહે છે કે 'બિયારણ આપવાથી ખેડૂતોને આ બિયારણ પર ભરોસો રહે છે અને તેઓ સામાન્ય વેપારીથી છેતરાતા નથી.'

૫. **ખાતર વહેંચણી :-** મંડળીએ આ પ્રવૃત્તિ પણ '૯૨ની સાલથી શરૂ કરી હતી. પણ તે નાના પાયે હતી. '૯૩માં આગાખાને મંડળી પાસે લગભગ ૧.૮૦ લાખનું ખાતર લેવડાવ્યું. અને આગાખાન દ્વારા ચાલતા ગ્રામ વિકાસ મંડળી દ્વારા દરેક ગામમાં આપ્યું. જી.એન.એફ.સી. એ મંડળીને ૧ મહિનાની મુદ્દત સુધી ઉધાર આપે છે. પણ અહીં આ ગ્રામ વિકાસ મંડળીએ જલદી પૈસા ન મોકલાવતાં મંડળી જી.એન.એફ.સી.ને મહિનામાં પૈસા ભરી શકી નહીં તેથી તેમના નિયમ પ્રમાણે જી.એન.એફ.સી. એ

ફરીથી ખાતર આપવાની ના પાડી. ત્યારપછી મંડળીએ ખાતર લાવવાનું બંધ કરેલ છે. ખાતરની થેલી દીઠ રૂા. ૨ કમિશન મળતું હતું.

૬. થ્રેસર :- ૯૩ની સાલમાં આગાખાન સંસ્થાએ આ સહકારી મંડળીને રૂા. ૧૦૦ ટોકન ચાર્જ લઈને થ્રેસર આપ્યું હતું. સહકારી મંડળીના સભ્યો માટે રૂા. ૩૦ કલાક તથા થ્રેસર ચલાવનારને બે ટાઈમ જમવાનું આપવાનું. તથા જે વ્યક્તિ સભ્ય ન હોય તેને માટે રૂા. ૩૫ કલાક તથા ચલાવનાર ને મજૂરી તથા સવાર સાંજ જમવાનું આપવાનું નક્કી થયેલ છે. આ થ્રેસર ફી ખૂબ ઓછી હોવાથી લોકો તેનો છૂટથી ઉપયોગ કરતા હતા. પણ હવે પાક પધ્ધતિ બદલાઈ ગઈ છે. લોકો સોયાબીન વાવતા નથી તેથી થ્રેસર હવે વપરાતું નથી.

૭. ઝાડ રોપવા :- મંડળીએ આગાખાન સંસ્થાની મદદથી નહેરની બન્ને બાજુ ડેમ થી બે કિ.મી. સુધી ઝાડનું વાવેતર ૯૧ની સાલમાં કર્યું હતું. આ પ્રવૃત્તિ થી પર્યાવરણ ને ફાયદો થયો છે.

## ૫. હાલની પરિસ્થિતિ

'૯૪ની ચોમાસુ ઋતુમાં વરસાદ ખૂબ જ પડવાને કારણે નહેરમાં માટી ભરાઈ ગઈ હતી. તથા નહેર ઘણી જગ્યાએ તૂટી ગઈ હતી. આ અંગે સિંચાઈ વિભાગમાં જણાવવા માં આવ્યું. તેમણે મંડળીને જણાવ્યું કે મંડળી કામ શરૂ કરાવી દે પછી સરકારમાંથી વળતર મળશે. આમ, આ કામ પ્રથમ મંડળી દ્વારા શરૂ કરવામાં આવ્યું અને ઉનાળુ ઋતુમાં પહેલા નહેર તૈયાર થઈ ગઈ હતી. આ વખતે આગાખાન સંસ્થાએ પણ પાણી સમાન રીતે વહેંચે એવી રચના (પી.એફ.ડી.)

તથા અન્ય પાઈપલાઈન, કૂંડીઓ બનાવવાનું કામ પૂર્ણ કર્યું હતું. આ પી.એફ.ડી. બનાવવા માટે સરકારશ્રી તરફથી સિમેન્ટ આપવામાં આવ્યો હતો. મજૂરી ખર્ચ અને અન્ય સાયનો ખર્ચ પ્રથમ આગાખાન સંસ્થાએ કર્યો હતો. જે પાછળથી સરકાર તરફથી આગાખાન સંસ્થાને પરત મળશે. આમ આગાખાન સંસ્થાએ આ વખતે કુલ ૧૭ પી.એફ.ડી. બનાવ્યાં હતાં. આ વખતે પાઈપ લાઈન નં.૯ માં રેતી ભરાઈ ગઈ હતી. તેથી તેમાં પાણી જઈ શકે તેમ ન હતું. ખેડૂતોએ અગાઉથી તેની મરામત કરવાનું મંડળીને તથા આગાખાન સંસ્થાને કહ્યું હતું. આગાખાનના લોક સંગઠકે ખેડૂતોને કહેલ કે તમે આ પાઈપ લાઈન ખોદીને સાફ

કરો પછી અમે એને લગાવી આપીશું. પહેલાં કામ ખેડૂતોએ કરેલ છતાં પાઈપો લગાવવામાં મોડું થયું હતું. એક પાઈપ ખૂટતો હતો તે લગાવ્યો ન હતાં. પાઈપના ટૂકડા જેટલો ભાગ ખૂલ્લો જ રહ્યો હતો. તેથી ખેડૂતોને પાણી લેવામાં તકલીફ પડી હતી. પરંતુ, પ્રથમ પિયત પછી તેની સંપૂર્ણ મરામત કરી હતી.

ત્યારપછી, મંડળીની સામાન્ય સભા બોલાવવામાં આવી. જેમાં ગયા વર્ષ નો વાર્ષિક અહેવાલ વાંચવામાં આવ્યો. પ્રમુખ અને મંત્રીની નિમણૂંકની દરખાસ્ત મૂકવામાં આવી પરંતુ, '૯૦ની સાલથી ચાલુ રહેલા મંત્રી અને પ્રમુખ પર ગામ લોકોના વિશ્વાસ અને બહુમતીથી તેઓને જેમ છે તેમ રાખવામાં આવ્યા. વ્યવસ્થાપક સમિતિમાં થોડાક ફેરફાર કરવામાં આવ્યા, જે લોકો મંડળીની બેઠકમાં વારંવાર ગેરહાજર રહેતા હતા તેમને દૂર કરવામાં આવ્યા. બીજી બેઠક ૨૮મી ડિસેમ્બરનારોજ મળી, જેમાં પાણી વિતરણ શરૂ કરવા માટેની તારીખ નક્કી કરવામાં આવી. જે સરકાર અને ખેડૂતો બંન્નેને મંજૂર હતી. ત્યારપછી કેટલાક ખેડૂતોના લેણા નીકળતા પાણીના દરની વસુલાત અંગે ચર્ચા થઈ. તેમાં એક ભાઈનું કહેવું હતું કે આ વખતે જે માલ ઉત્પાદન થાય એ માલ જ ખેડૂતો પાસેથી ખરીદી લેવો' કાર્યપાલક ઈજનેર સાહેબે પણ કહ્યું કે 'એડવાન્સ પૈસા લો.' આ વાતના અનુસંધાનમાં આગાખાન લોક સંગઠકે કહ્યું કે 'એડવાન્સ રૂા. ૫૦/- એકરે લો' તો વળી બીજા ભાઈ કહે કે 'પાણીના દર મોડા ભરપાઈ થાય તો વ્યાજ નક્કી કરો.' ત્યાર પછી લોકો ૫૦ રૂા. એડવાન્સ ભરવા તૈયાર થયા. નિયમો બનાવવાનો મુદો આવ્યો તો ઘણા નિયમો ફરીથી બનાવવામાં આવ્યા, જેવા કે, કોઈપણ વ્યક્તિ નહેરમાં અડચણ ઊભી કરી વધારે પાણી લેશે નહીં, પાણી મગફળી અને મગ વાવનારા પ્રથમ લેશે અને શેરડી વાવનારા પાછળથી લેશે. કોઈ વ્યક્તિ એક જ પિયત (રોટેશન) માં બે વખત પાણી લેશે નહીં. દરેક ખેડૂતોને પોતાના ઢાળિયા બનાવવાનું પણ છેલ્લે કહેવામાં આવ્યું.

પ્રથમ પિયતના શરૂઆતના દિવસે કાર્યપાલક ઈજનેર, પ્રમુખ, સેક્રેટરી વગેરે પાણી વિતરણ જોવા ગયા હતા. પ્રથમ પિયત વખતે નહેર એક મહિના (૯મી જાન્યુ. થી ૮ ફેબ્રુ.) સુધી ચાલુ રહી હતી. આ વખતે બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે મગફળી અને મગ વાવનારા ખેડૂતો પ્રથમ પાણી લેશે, પરંતુ શેરડી વાવનારા (૨-૩) ખેડૂતોએ પ્રથમ પાણી લીધુ હતું. તેથી મગફળી વાવનારા ખેડૂતોને સમયસર પાણી મળવામાં તકલીફ પડી હતી. ઘણા ખેડૂતોએ બે વખત પાણી પીવડાવી લીધું હતું. જ્યારે કેટલાક છેવાડાના અને પાઈપ લાઈન નં.૨ ના કુલ ૪-૫ ખેડૂતો બાકી રહ્યા હતા. તેથી સેક્રેટરી અને ગામના બે ખેડૂતો સિંચાઈ

વિભાગમાં ગયા હતા. અને નહેર ફરીથી ચાલુ કરવા વિનંતી કરી હતી. ઈજનેર સાહેબે નહેર એક દિવસ માટે ફરીથી ચાલુ કરી હતી. આમ, પ્રથમ પિયત દરમિયાન એક ખેડૂત સિવાય દરેક ખેડૂતને પાણી મળ્યું હતું. આ ખેડૂતને એક બાજુના ખેતરવાળા ખેડૂત પોતાના ખેતરમાંથી પાણી ઢાળિયા દ્વારા લઈ જવા દેવા ન હતા. બાજુવાળા ખેડૂતનું કહેવું હતું કે ઢાળિયાથી પાણીના ઝમણને લીધે તેમનો છેલ્લા વર્ષનો પાક થોડાક વિસ્તાર માં નિષ્ફળ ગયો હતો. તેથી તેઓ આ વખતે પાણી જવા દેશે નહીં. આ વાત આગાખાન લોક સંગઠક અને મંત્રી ને જણાવવામાં આવી તેથી, તેઓ બાજુવાળા ખેડૂત પાસે ગયા અને ઢાળિયો ક્યાંથી બનાવવો એ નક્કી થયું, પણ ઢાળિયો બનાવતાં વાર લાગી. અને લોકોએ તે દરમિયાન બીજી વખત પાણી લેવાનું શરૂ કરી દીધું હતું, તેથી, તેમનો વારો પ્રથમ પિયતમાં આવ્યો નહીં અને આમ પ્રથમ  પિયત પૂર્ણ થયું.

બીજા પિયત અને ત્યાર પછીના પિયતની તારીખ નક્કી કરવા માટે મંડળીએ એક બેઠક બોલાવી. તેમાં થોડાક જ ખેડૂતો હાજર રહ્યા હતા. ઈજનેર સાહેબે ખેડૂતોને પૂછીને તેમને યોગ્ય પાણી વિતરણની તારીખ નક્કી કરી હતી. બીજા પિયત દરમિયાન પણ પ્રથમ પિયત જેવી મુશ્કેલી આવી હતી. કેટલાક ખેડૂતો બાકી રહી ગયા હતા. તે ખેડૂતોએ આગાખાન લોક સંગટઠક અને સેક્રેટરી ને આ વાત જણાવી. તેથી તેઓ બંન્ને સિંચાઈ વિભાગમાં ગયા હતા અને પાણી માટે વિનંતી કરી હતી. કારણ કે, તે સમય મગફળીના સોપા ફૂટવાનો હતો. ઇજનેર સાહેબે ફરીથી એક દિવસ નહેર ચાલુ કરી હતી. છતાં પણ પ્રથમ પિયતમાં જે એક ખેડૂત બાકી હતો તેણે અડધું પિવડાવ્યું અને પાણી બંધ થઈ ગયું તેથી, તેને મગફળીની જગ્યાએ મગ વાવવા પડ્યા હતા.

૬ઠ્ઠી માર્ચના રોજ રાત્રે નહેર તૂટી ગઈ તો નજીકના ખેડતે સેક્રેટરીને વાત કરી, તેથી સેક્રેટરી અને પ્રમુખે મજૂર મોકલાવી સવારે નહેર તૈયાર કરી દીધી. ત્યાર પછી સિંચાઈ વિભાગમાં જણાવ્યું. ઈજનેર સાહેબે તેમન ઉત્તેજન આપતાં કહ્યું કે 'તમે જે કામ કરાવ્યું છે તે સારું અને ઝડપી કર્યું છે.' આમ, કોઈ વખત જો કોઈ જગ્યાએ નહેર તૂટી જાયતો પ્રમુખ અને સેક્રેટરી આજુબાજુના ખેડૂતોને પૂછી ને નિર્ણય લે છે. આમ, નહેરની જાળવણીમાં ખેડૂતોનો સહકાર સારો છે. બીજા પિયતમાં આર ગૌણ નહેર ઉભરાઇ હતી. તેથી તેઓએ નહેરની બાજુ પર માટી નંખાવી હતી. આ નહેર પ્રથમ પિયતમાં પણ ઉભરાતી હતી. પિયત પછી સાયફન (ખાડી હોય તો પાણી નીચે જમીનમાં મોટા પાઈપ દ્વારા પેલા છેડે લઈ જવાની રચના) સાફ કરાવ્યું હતું. છતાં બીજા પિયતમાં નહેર ઉભરાતી હતી. આ

કામ પણ પ્રથમ મંડળીના પૈસાથી થયું અને પછી સરકારમાંથી પરત મળેલ.

ત્રીજા પિયતમાં પણ પાણી વિતરણ દરેક ખેડૂતને મળી રહે તેમ થયું હતું. જમીન માપણી શરૂ કરવાનો સમય આવી રહ્યો હતો. મંડળીએ આ વખતે સરકારી માણસની મદદ માગી હતી. તેથી ચોથા પિયત દરમિયાન ઈજનેર તથા એક મદદનીશ, વોચમેન, સેક્રેટરી, ચેરમેન દરેકે સાથે રહીને માપણી શરૂ કરી હતી. માપણી કરતા હોય તે દરમિયાન ખેડૂત માલિક હાજર રહેવો જરૂરી છે. તે સમયે કેટલાક ખેડૂત પણ હાજર રહેતા હતા.

આ વર્ષે પણ ગયા વર્ષની જેમ પાણી વિતરણ પ્રથમ પાઈપ લાઈનથી છેલ્લી પાઈપ લાઈન સુધી સાથે થયું હતું. નહેરમાં પાણી આગળના ભાગથી છેલ્લા ભાગ સુધી સાથે છોડવામાં આવતું હતું. આગળના ભાગનો ખેડૂત અને છેવાડાનો ખેડૂત એક સાથે પાણી લેતા હતા. આ વખતે પી.એફ.ડી.ની રચનાથી દરવાજા ખોલવા, બંધ કરવા જેવી માથાકૂટ હતી નહીં. રખેવાળ માત્ર પાણી વિતરણ ચાલતું હોય તે જોવા જતા. કોઈ વ્યક્તિ બીજી વખત પાણી લેતું નથી એનું ધ્યાન રાખતા હતા.

આ વખતે ખેડૂતોએ મગ, મગફળી અને શેરડીના પાક માટે અરજી કરેલ હતી. લગભગ ૨૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં પિયત આ વર્ષે થયું હતું. શેરડી વિસ્તાર લગભગ ૩૫.૪૦, હેક્ટરમાં છે. લોકો રોકડીયા પાક તરફ વળ્યા છે તેનાં કારણો છે. શેરડી ઉત્પાદન ૪૫ થી ૪૭ ટન હેક્ટર થાય છે. જ્યારે તેનો ભાવ ૯૫૦ રૂા. ટન હોવાથી ૪૦૦૦૦ થી ૪૫૦૦૦ રૂા. જેટલી કુલ આવક થાય છે. ખર્ચ બાદ કરતાં લગભગ ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂા. જેટલો ફાયદો થાય છે. શેરડી કાપવાનું તથા ખાંડ કારખાનામાં મોકલવાનું ખર્ચ ખાંડ કારખાનાવાળા ભોગવે છે. વળી તેઓ પાક લોન, શેરડી વાવવા માટે પણ આપે છે. શેરડીમાં હજુ સુધી રોગ કે જીવાત જોવા મળતી નથી. શેરડી વાવવા માટે લાભ ક્ષેત્રમાં આવેલા ૨૫-૩૦ કૂવામાંથી શિયાળામાં પાણી મળી રહે છે. એક (મોહનભાઈ) ખેડૂત જે પહેલાં મગફળી કરતા હતા તે હવે પૂરેપૂરી શેરડી વાવે છે. તેમના કહેવા પ્રમાણે શેરડીના વેચાણની, કાપવાની કે હેરાફેરીની કોઈ ઝંઝટ રહેતી નથી. બીજા એક ખેડૂત (દિનેશભાઈ) કહે છે કે 'ખાંડ ફેક્ટરીના બીજા લાભ પણ અમને મળે છે.' શેરડી વિસ્તાર વધી પડવાથી ખૂબ નાના ખેડૂતોએ પોતાની જમીન બીજા ખેડૂતોને વાવવા આપી દીધી છે.

નિયમોનું પાલન ઓછું થાય છે તે બાબતે સેક્રેટરી જણાવે છે કે 'અમે જે

પાણી વિતરણનો કોઠો બનાવ્યો છે એ પ્રમાણે ૧ મહિને એક પિયત મળે. પરંતુ મગફળી જેવા પાક ને ૧૦-૧૨ દિવસે પાણી જોઈએ. તેથી ખેડૂતો એક પિયતમાં બીજી વખત પણ પિવડાવી લે છે. બંધની નજીકનો વિસ્તાર ખૂબ જ ઢાળ-ઢોળાવ વાળો છે. ખેડૂત જ્યારે પાણી ખેતરમાં આપે છે ત્યારે વહી જાય છે. જમીન જલદી સુકાઈ જાય છે. તેથી આગળના ભાગના ખેડૂતો બીજી વખત પાણી લે છે. નહેરમાં અડચણ કરી વધુ પાણી લેતા ખેડૂતને અમે રોકીએ છીએ. પરંતુ જે પાઈપ લાઈનમાં અડચણ વગર ખૂબ જ ઓછું પાણી જતું હોય તો અમે તે ખેડૂતોને નહેર માં અડચણ કરી વધુ પાણી લેવા દઈએ છીએ.' આગાખાન ના લોક સંગઠક બીજી વખત પાણી પીવડાવવાના પ્રશ્નનું કારણ દર્શાવતાં કહે છે કે 'દરેક પાઈપ લાઈન પર પાણીની માંગ જુદી જુદી આવે છે. કોઈ પાઈપ લાઈન પર ૪૦% તો કોઈ પાઈપ લાઈન પર ૫૦%, વળી. પી.એફ.ડી.ની રચના જે પાઈપ લાઈન પર વધુ લાભ વિસ્તાર હોય તો પાણી વધુ જાય એવી છે. ૪૦% વિસ્તારવાળા ખેડૂતોને પિયત જલદી પૂરું થઈ જાય છે તેથી તેઓ બીજી વખત પાણી લે છે.' એક ખેડૂત આ બાબતે કહે છે કે 'અહીં નહેર પર દરવાજા નથી, તેથી અમારી પાઈપલાઈન પર દરેક ખેડૂતે પિવડાવી લીધું હોય તો અમે પાણી લેવાનું ફરીથી શરુ કરીએ છીએ. નહીંતર પાણી બગડે છે, પાણી દરવાજા ન હોવાથી બંધ કરી શકાતું નથી.'

આ ઋતુમાં બે ત્રણ ખેડૂતોને મંડળી પ્રત્યે અણગમો રહ્યો હતો. શરૂઆતની બેઠકમાં જે લોકોના પાણીના પૈસા બાકી હતા તેમને કહેવામાં આવ્યું હતું. એક મોટા ખેડૂતે પણ પૈસા ભરેલ ન હતા. તેમને પણ કહેવામાં આવ્યું ,તેથી તેમનું સ્વમાન ઘવાયું. તેમણે કહ્યું કે 'દરેક લોકો મારું જ નામ બાકીમાં ગણે છે. અન્ય લોકોના પણ બાકી છે એ લોકોને કહેતા નથી ?'તેથી તેમણે આ વર્ષે પાણી લેવાની ના પાડી હતી, સાથે સાથે તેમના ખેતર પાસેની કૂંડીનો દરવાજો બંધ કરાવી દીધો હતો. છતાં આ વર્ષે એમણે ૫ એકર માટે અરજી પત્રક ભર્યું હતું. તેઓ હાલ કૂંડી માં નળી મૂકીને પાણી લે છે. તેઓના કહેવા પ્રમાણે ગઈ સાલ એમને પૂરતું પાણી મળ્યું ન હતું. જો આ વખતે પાણી પૂરતું ન મળેતો પૈસા ભરવાના નથી. એક બીજા ખેડૂતના કહેવા પ્રમાણે 'ખેડૂતો નિયમોનું પાલન કરતા નથી.' તેઓ બેઠકમાં જતા નથી એ દર્શાવતાં તેઓ કહે છે કે 'હું સાચું બોલું છું એટલે લોકોને ગમતું નથી.' ત્રીજા એક ખેડૂતને મંડળી જમીન વિસ્તારની માપણી બરાબર કરતી નથી એમ કહેવું છે. ખેડૂતે પિયત કર્યું હોય કે ન કર્યું હોય પણ જમીન માપણી પૂરેપૂરી કરે છે. આવું એમના કિસ્સામાં બન્યું હતું છતાં તેમણે પૈસા ભરી દીધા છે. પણ અન્ય ખેડૂતોના કહેવા પ્રમાણે જમીન માપણી બરાબર થાય છે. કેટલાક છેવાડાના

ખેડૂતોને મીટીંગમાં આવવાનું ગમતું નથી, કારણ કે, એમને પૂરતું પાણી મળતું નથી, બેઠકમાં વારંવાર જણાવ્યું છતાં કોઈ પગલાં લેવાતાં ન હતાં તેથી તેમણે મંડળીની બેઠકમાં આવવાનું બંધ કરેલ છે.

અહીં, ત્રણેય એટલે કે સિંચાઈ વિભાગ, આગાખાન સંસ્થા તથા ખેડૂતોને એકબીજા પ્રત્યેનો સહકાર સારો છે. સિંચાઈ વિભાગનું વલણ ખૂબજ સહકારી છે. ઈજનેર સાહેબ તથા અન્ય ઓફિસરો ખેડૂતોના લાભની વાતની ના કહેતા નથી. આગાખાન સંસ્થા પણ પૂરેપૂરી મહેનતથી મંડળીને સહાય કરે છે. '૯૦ની સાલ પહેલાં જે સરકારી અફસરો અહીં કોઈ વખત આવતા ન હતા તે હવે વર્ષમાં ઘણી વખત આવે છે. તેમનું વલણ ખૂબજ બદલાઈ ગયું છે. સિંચાઈ વિભાગના માણસો નાનામાં નાના ખેડૂત જોડે વાત કરે છે, સિંચાઈ વિભાગ કે આગાખાન સંસ્થા ખેડૂતોને નિરાશ કરતી નથી. ખેડૂતોને યોગ્ય હોય એમ નિર્ણયો લેવાય છે. તેઓના કહેવા પ્રમાણે 'સહકારથી જ મંડળી ચાલી શકે, અમે એકબીજાને સમજીને ચાલીએ છીએ.'

મંડળીના વાર્ષિક હિસાબ ચકાસવા માટે સરકારી ઓડિટર આવે છે. પરંતુ, ઓડિટર દ્વારા એક વખત વાંધો ઉઠાવવામાં આવ્યો કે મંડળીની સમિતિની બેઠકમાં અન્ય વ્યક્તિ બેસી શકે નહીં. આ વાતને કારણે મંડળીને તકલીફ પડી હતી. આગાખાન લોક સંગઠક અને ખેડૂતોને લાગ્યું કે મંડળીના નિયમો અને કાયદામાં સુધારો કરવાની જરૂર છે. તેથી આગાખાન સંસ્થા તરફથી અનિલ શાહને તથા જિલ્લા રજિસ્ટ્રારને બેઠકમાં બોલાવવામાં આવ્યા. ત્યાં પિંગુટ અને બદલવા તથા અન્ય મંડળીના સેક્રેટરી અને પ્રમુખને પણ બોલાવવામાં આવ્યા હતાં. ચર્ચા દરમિયાન નીચે પ્રમાણે સુધારા સૂચવાયા હતા અને સરકારમાં મોકલવામાં આવ્યા.

**મુદ્દા નં.:૧૨** જેમાં પાણીની વહેંચણી સાધારણ રીતે નામદાર સરકારે જે પાક પદ્ધતિ નક્કી કરેલ છે તે પ્રમાણે કરવી તેમ છતાં વિસ્તાર વિકાસ કમિશ્નરશ્રી સરકારશ્રી સાથે પરામર્શ કરી પાકો અંગે જે સૂચનો કરે તેનો અમલ કરવો.

**સૂચન :** આ નિયમ રદ કરવો.

**મુદ્દા નં.:૧૪** પાણીના પિયાવાના દર સિંચાઈ ખાતા સાથે મળીને નક્કી કરવા.

**સૂચન :** પાણીના દર નક્કી કરવાનું

**મુદ્દા નં.૧૫ :** પાણીનો મહત્તમ ઉપયોગ થાય તે માટે સક્રિય પગલાં લેવા

વિસ્તાર વિકાશ કમિશનર શ્રી ની પૂર્વ મંજૂરી તી અનુકૂળ સંજોગોમાં મંડળીના કાર્યક્ષેત્રમાં આવતાં મુખ્ય ગૌણ / પેટાગૌણ નહેરની જાળવણી ની કામગીરી હાથ પર લઈ શકાશે.

**સૂચન :** આ નિયમ રદ કરવો.

**મુદ્દા નં.૧૬ :** નહેરની તાંત્રિક ચકાસણી સિંચાઈ ખાતાના અધિકારી પાસે કરાવી તેની સૂચના મુજબ અમલ કરવો.

**સૂચના :** આ નિયમ રદ કરવો.

**સભાસદની ફરજો માં સૂચન :** દરેક બારા હેઠળ પાણીનું વિતરણ નો નકશો મંડળી મંજૂર કરશે અને તે પ્રમાણે પાણી લઈ જવા દેવું પડશે અને ન લઈ જવા દેતો પાણી બંધ કરવું નુકશાન થવાના સંજોગોમાં વળતરનું વિચારવું.

**મંડળીનો વિસ્તાર :** લાભ ક્ષેત્ર ઘટાડવા/વધારવામાં વિસ્તાર વિકાશ કમિશનરની મંજૂરી લેવીને કાઢી નાખવું.

**મંડળીની મીટીંગ :** માસિક મીટીંગમાં દરેક સભ્ય હાજર રહી શકે એમ કરવું.

**પાકો અંગે :** શાકભાજી, મરચા, ધાણા, વગેરે પાકો વાવવા જ પડશે આ નિયમ રદ કરવો, તે મંડળી પર છોડવું.

**મંડળીની નાણાકીય પરિસ્થિતિ**

મંડળીની કાર્ય પદ્ધતિની સાથે સાથે મંડળીની નાણાકીય સ્થિતિ પણ ખૂબજ અગત્યની છે. આ મંડલી ૯૦ની સાલથી અસ્તિત્વમાં છે. મંડળીએ શરૂઆત માં શેરભંડોળ રૂપે ૫૦ રૂા. + ૧ રૂ. દરેક સભ્ય પાસેથી મેળવેલ હતા. મંડળીમાં કુલ ૨૨૪ સભ્યો છે. મંડળી શરૂઆતથી જ પાણીના દરો સરકારી દર કરતાં ૨૫ થી ૫૦% વધુ રાખે છે. મંડળીએ દરેક વર્ષે જુદા જુદા પાક માટે જુદો જુદો પાણીનો દર રાખ્યાં હતો. તે દર મંડળીના સભ્યો અને આગાખાન લોક સંગઠક સાથે બેસીને નક્કી કરે છે. (પાણીના દર માટે જુઓ પરિશિષ્ટ -૧)

મંડળીએ શરૂઆતના વર્ષમાં માત્ર રૂા. ૬૧૬ નો નફો કરેલ. મંડળીએ પાણી વિતરણ સિવાય ની પ્રવૃત્તિઓ પણ શરૂ કરી હતી. બિયારણ લાવવામાં મંડળીને બીજ નીગમ દ્વારા ૧.૫ થી ૨% કમિશન મળે છે. જ્યારે ખાતરમાં મંડળીને બિયારણ વેચાણમાંથી ૮૬૭ નફો મેળવ્યો હતો. મંડળીને બીજા વર્ષે

એટલે કે ૯૧ની સાલમાં ચોખ્ખો નફો રૂા. ૪૦૩૦૦ કર્યો હતો. એ સમયે પગાર ખર્ચ રૂા. ૭૩૫૦ હતું તથા સ્ટેશનરી ખર્ચ રૂા. ૫૨૦૦ હતું. ત્યારપછી મંડળીએ એક દવા છાંટવાનો પંપ તથા ઓઈલ એંજીન પણ ખરીદ્યું હતું. આમ આ વર્ષ દરમિયાન મંડળીએ સારી પ્રગતી કરી હતી.

૯૪ની સાલ નું સરવૈયું જોવા માં આવે તો મંડળીનો કુલ નફો ૩૯૪૮૬.૯૨ રૂા. હતો. તેમાં કમિશન આવક રૂા. ૨૬૦,પ્રેસર આવક ૩૬૪૫ રૂા, બોનસ, વ્યાજ તથા પંપ ભાડું તતા ૨૬૯૭૯ રૂા.પાણીની વધારાની આવક હતી. તથા મંડળીની જાવક માં પગાર ખર્ચ રૂા. ૮૩૦૦, ૩૯૫૦-૦૦ રૂા. નર્સરી ખર્ચ, સ્ટેશનરી ખર્ચ તથા અન્ય પરચુરણ ખર્ચ ગણી શકાય. મંડળીએ ૯૪ની સાલમાં ૪૯૭૨૬.૧૭ રૂા. નું પાણી ખરીદેલ હતું. મંડળીએ હજુ સરકારને રૂા. ૧૩૯૧૪.૯૦ આપવાના બાકી છે કારણકે ગયા વર્ષે વધુ વરસાદ પડવાથી આદિવાસી ખેડૂતો નો પાક થયો નહીં તેથી પૈસા ભરપાઈ થયા નથી. શરૂઆતના ત્રણ વર્ષ ના પૈસા મંડળીમાં સંપૂર્ણ ભરાઈ ગયાહતા. (જુઓ પરિશિષ્ટ -૩)

મંડળીના મંત્રી, પ્રમુખ તથા અન્યજાગૃત ખેડૂતો મંડળીના પૈસા વહેલી તકે ભરાઈ જાય તે માટે ખેડૂતો નો તૈયાર પાક લેવાની વિચારણા કરી રહયા છે. પરંતુ, પાક પાકે ત્યારેજ ખેડૂતો પૈસા ભરી શકે તેવી ઉસ્વતિમાં આવશે.

**ભવિષ્યનું આયોજન**

જીવન દીપ પિયત સહકારી મંડળી પાણી વહેંચણી ઉપરાંત અન્યખેડૂત ઉપયોગી કાર્યો કરે છે. હજુ પણ તેમાં વધારો કરવા માટે કેટલાંક આયોજન કરવામાં આવે છે. આયોજન માત્ર આગાખાન સંસ્થાના લોકસંગઠક, મંત્રી, પ્રમુખ અને બે-ત્રણ ખેડૂતો સિવાય કરી શકે એમ છે. પ્રમુખ અને મંત્રી નું આયોજન ખેતીવાડી માટે મંડળીમાં ટ્રેકટર લાવવાનું છે. પરંતુ તેઓના કહેવા પ્રમાણે છેલ્લા વર્ષની વસુલાત સંપૂર્મ આવી જશે તો આ કામ શકય બનશે.

તેઓ એ ખાતર વહેંચણી બંધ કરેલ છે. તે પણ ચાલુ કરવાનું વિચારી રહયા છે. તે પણ છેલ્લા વર્ષની વસુલાત પર નિર્ભર છે. આગાખાન લોક સંગઠક પણ મંડળી વતી આયોજન કરે છે.

આ આયોજન ખેડૂતો માટે પાકા ડાળિયા બનાવવાનું છે જેથી તેમાં ઝમણ કે બીજી રીતે પાણી નો બગાડ અટકાવી શકાય. અહીં મંડળીમાં બીજી પ્રવૃત્તિઓ ચાલુ  છે તેથી તેઓ એ બીજું આયોજન કરેલ નથી.

## ૬. સમાપન

કોઈ પણ પિયત સહકારી મંડળીનું કામ એના તમામ સભાસદોને સમાન ધોરણે સિંચાઈનું પાણી પૂરું પાડવાનું છે. આ પાણીનોયોગ્ય ઉપયોગ કરી ખેડૂત વર્ષે બેથી ત્રણ પાક લઈ શકે તો એની વ્યક્તિગત આવકમાં વધારો થવા ઉપરાંત એનું જીવન ધોરણ પણ સુધરી શકે છે. જે વિસ્તારમાં આદિવાસી ખેડૂતો વધારે હોય, એમાંય નાના અને સીમાંત ખેડૂતોની સંખ્યા વધારે હોય ત્યારે તો પિયત મંડળી સમાન પાણી વિતરણ કરી શકે તો આજકાલ ગુજરાતના આદિવાસીઓએ ચોમાસા પછી રોજી-રોટી મજૂરી માટે જે સ્થળાંતર કરવું પડે છે એ અટકી શકે. એમનુંજીવન એમના વિસ્તારમાં જ સ્થાયી થાય. 'પિગુંટ પિયત મંડળી' એ ઘણે અંશે આ કામ પાર પાડ્યું છે એવું ચિત્ર અહીં જે વિગતો રજૂ કરી છે એને આધારે કહી શકાય એમ છે. સામે પક્ષે સમસ્યા સાવ નથી રહેતી એમ કહેવાય એવું નથી. સહકારી ધોરણે કામ કરવામાં બીજી સમસ્યાઓ પણ ઊભી તાય ચે. એ સમસ્યાઓ મોટે ભાગે ખેડૂતો વચ્ચેની હોય કાં તોખેડૂતો અને મંડળી વચ્ચેની હોય અથવા તો પાણી વિતરણ અને વહીવટી વ્યવસ્થા અંગેની પણ હોય. એનો ઉકેલ લાવવો પડે અથવા મંડળીએ સૂઝ દાખવી, જેમ પિગુટ સિંચાઈ મંડળીએ બંધારણની કલમો સુધારી એમ, વચલો માર્ગ પણ કાઢવો પડે. સામાન્ય પણે આ અભ્યાસમાંથી એવું નિરીક્ષણ તારીવ શકાય કે પિગુટ પિયત સહકારી મંડળી મહદ્ અંશે આવું કરી શકી છે.

## ૭. પરિશિષ્ટ

### પરિશિષ્ટ : ૧

**મંડળીના પાણીના દર :-**

| પાકનું નામ | સરકારી દર/હેક્ટર | મંડળીના દર/હેક્ટર |
|---|---|---|
| શેરડી | ૪૪૪ | ૬૦૦ |
| મગફળી | ૨૪૪ | ૪૦૦ |
| ઘઉં/મગ | ૨૨૮ | ૩૦૦ |

### પરશિષ્ટ : ૨

**કુલ પાણીની ફી :-**

| ઋતુ/વર્ષ | ૯૦ | ૯૧ | ૯૨ | ૯૩ | ૯૪ | કુલ રૂપિયા |
|---|---|---|---|---|---|---|
| ઉનાળું | ૧૯૦૨.૮૦ | ૨૦૮૯૪.૭૧ | ૪૮૮૧૪.૮૧ | ૨૦૮૦૩.૮૦ | ૪૯૭૨૬.૧૭ | ૧૪૨૮૭૩.૪૪ |
| ચોમાસું | | ૯૩૧.૧૫ | | | | |

**કુલ વસુલાત :-**

| ઋતુ/વર્ષ | ૯૦ | ૯૧ | ૯૨ | ૯૩ | ૯૪ | કુલરૂપિયા |
|---|---|---|---|---|---|---|
| ઉનાળું | ૧૭૦૨.૮૦ | ૨૦૯૩૭.૨૨ | ૪૮૮૧૪.૮૧ | ૨૦૮૦૩.૮૦ | ૩૫૭૬૮.૭૬ | ૧૨૮૯૫૮.૫૪ |
| ચોમાસું | | ૯૩૧.૯૫ | | | | |

## પરિશિષ્ટ : ૩

### મંડળીનો પિયત વિસ્તાર અને તેના પાકો :-

| વર્ષ | ઋતુ | મગફળી | મગ | શેરડી | ઘઉં | ડાંગર | અન્ય | કુલ | લક્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૦ | ઉનાળું | - | - | - | ૧૧.૮૦-૦૦ | - | ૧.૨૧-૦૦ | ૧૩.૦૧-૦૦ | ૫૦ |
| ૯૧ | ઉનાળું | ૪૩-૫૮-૬૨ | ૨૪-૩૨-૦૧ | ૭-૯૨-૦૫ | ૨-૫૫-૩૮ | - | ૧૪-૩૦-૧૧ | ૯૨-૬૮-૧૮ | ૧૩૦ |
| ૯૧ | ચોમાસું | ૧૪-૭૯-૫૬ | - | - | - | ૧૨-૬૭-૮૨ | ૫-૦૭-૦૯ | ૩૨-૫૪-૧૮ | - |
| ૯૨ | ઉનાળું | ૧૨૫-૮૯-૭૦ | ૫૩-૪૮-૩ | ૨-૩૮-૦૦ | - | ૦-૦૯-૦૦ | ૮-૬૪-૦૩ | ૧૯૦-૪૯-૦૬ | ૧૮૦ |
| ૯૩ | ઉનાળું | ૨૦-૩૯-૭૯ | ૭૯-૭૫-૮૬ | ૩-૦૭-૦૫ | - | ૦-૬૫-૧૫ | ૫-૩૬-૪૧ | ૧૦૮-૨૪-૨૮ | ૨૦૦ |
| ૯૪ | ઉનાળું | ૪૨-૫૨-૧૦ | ૧૦૬-૨૮-૦૯ | - | - | ૦-૪૪-૯૬ | ૧-૯૩-૫૦ | ૧૯૯-૩૪-૪૫ | ૧૮૦ |

શરૂઆત ના વર્ષમાં પિયત વિસ્તારના ટકા ૨.૧૭ હતા જ્યારે ૯૪ના વર્ષમાં પિયત વિસ્તાર વધ્યો અને તે ૨.૧૭% થી વધીને ૩૩.૨૭% થયો છે.